Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

રજતજયંતિનું વર્ષ


दंसणमूलो धम्मो

# આત્મધર્મ

આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૯૧


## સમયસારનો પહેલો પાઠ



સમયસારના પહેલાં જ પાઠમાં આચાર્યદેવ કહે છે કે હે ભવ્ય! તારા આત્મામાં સિદ્ધપણું સ્થાપ. સિદ્ધ ભગવંતોને આદર્શરૂપે રાખીને નક્કી કર કે 'જેવા સિદ્ધ તેવો હું.' –આવા લક્ષપૂર્વક સમયસાર સાંભળતાં તને તારો અદ્‌ભુત આત્મવૈભવ તારામાં દેખાશે.

卐 卐 卐


તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી 卐 સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન

વીર સં. ૨૪૯૪, પોષ (લવાજમઃ ચાર રૂપિયા) વર્ષ ૨૫ઃ અંક ૩

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

સંપાદકીય–



# ગુરુદેવની પ્રવચનશૈલી

ગુરુદેવની પ્રવચનશૈલી અનોખી છે; તે મુમુક્ષુ-શ્રોતાઓને અંતરના ઊંડાણમાં લઈ જઈને ચૈતન્યનો સ્પર્શ કરાવે છે. તેઓ ગમે તે શાસ્ત્ર વાંચતાં હોય પણ આત્માને સ્પર્શીને તેના ભાવો ખોલે છે...ને આત્માર્થીના પુરુષાર્થને આત્મા તરફ ઉત્તેજિત કરે છે. જૈનસિદ્ધાંતના ચારે અનુયોગમાં ચૈતન્યઆત્મા ઝળકી રહ્યો છે; દ્રવ્યાનુયોગ અને કરણાનુયોગની જેમ ચરણાનુયોગમાં પણ આત્મા ઝળકે છે ને કથાનુયોગમાં પણ આત્મસાધનાની જ કથાઓ ગુંથાયેલી છે. આત્માને એકકોર રાખીને જૈનસિદ્ધાન્તનો કોઈ પણ અનુયોગ હોઈ શકે નહિ. આ રીતે ચારે અનુયોગમાં આત્મા ભરેલો છે. જ્ઞાનીઓ બધા અનુયોગોમાં આત્માની મહત્તા દેખે છે. ગુરુદેવનું પ્રવચન આપણને શાસ્ત્રોમાં રહેલા સન્તોના હાર્દ સુધી પહોંચાડીને ચિદાનંદતત્ત્વના દ્વાર સુધી લઈ જઈને કોઈ અલૌકિક દર્શનની ઝાંખી કરાવે છે. ગુરુદેવના સર્વતોમુખી પ્રવચનોની થોડી ઝાંખી આત્મધર્મના હજારો વાંચકો દર મહિને કરી રહ્યા છે....આપ પણ આત્મધર્મ મંગાવીને તેનું રસસ્વાદન કરો....એનાથી આપના જીવનમાં કોઈ નવીન તત્ત્વ ઉમેરાશે.

આત્મધર્મ મંગાવવા માટે નીચેના સરનામે ચાર રૂપિયા મોકલો-

આત્મધર્મ કાર્યાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર )

卐

વાર્ષિક લવાજમ ચાર રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા
વર્ષ: ૨૫: અંક ૩

વીર સં. ૨૪૯૪ પોષ

# ૧૦૮ મણકા પૂરા કરતી આપણી શાસ્ત્રમાળા

જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ (સોનગઢ) દ્વારા સાહિત્યપ્રકાશનનું વિશાળકાર્ય અનેક વર્ષોથી ચાલુ છે; તેમાં આ માસમાં 'ભગવાનશ્રી કુંદકુંદ–કહાન જૈનશાસ્ત્રમાળા' ના પ્રકાશનોમાં "આત્મવૈભવ" નામના ૧૦૮ નંબરના પ્રકાશન દ્વારા આ શાસ્ત્રમાળાના ૧૦૮ મણકા પૂરા થાય છે. ગુરુદેવના પ્રતાપે જિજ્ઞાસુઓને આત્માભિમુખ કરતું જે વિપુલ વીતરાગી સાહિત્ય આજે પ્રકાશમાં આવી રહ્યું છે તે મહાન પ્રભાવનાનું કારણ છે. એક તરફ આત્મધર્મનું નિયમિત પ્રકાશન, અને બીજી તરફ વિવિધ પ્રકારના સાહિત્યનું ગુજરાતી–હિંદીમાં પ્રકાશન, એના દ્વારા ભારતભરમાં પ્રભાવના વિસ્તરી રહી છે. ભારતમાં જ નહિ પરદેશમાં પણ હજારો પુસ્તકો અનેક જિજ્ઞાસુઓ ઉત્સાહથી મંગાવે છે ને વાંચે છે. શાસ્ત્રમાળાના ૧૦૮ મણકાની પૂર્ણતાના પ્રસંગે તેમાં પ્રકાશિત પુસ્તકોનો પરિચય અહીં ટૂંકમાં ક્રમેક્રમે આપીશું. (સં.)

卐 પ્રારંભમાં, રત્નત્રયરૂપ આભરણથી ભૂષિત એવી જિનવાણી દેવીને નમસ્કાર કરીએ છીએ. એ જિનવાણીના દાતાર વીતરાગી સન્તોને નમસ્કાર કરીએ છીએ.

卐 શાસ્ત્રપરિચયનો પ્રારંભ કરતાં પહેલાં એક વાત સર્વે જિજ્ઞાસુઓએ લક્ષમાં રાખવા જેવી છે કે પ્રત્યક્ષ જ્ઞાની–સન્તોનો પરિચય ને તેમની પાસેથી સીધું શ્રવણ એ મુખ્ય વસ્તુ છે; જ્ઞાની પાસેથી શાસ્ત્રના રહસ્ય સમજવાની ચાવી મેળવ્યા પછી જે શાસ્ત્રસ્વાધ્યાયાદિ કરવામાં આવે તે વિશેષ લાભનું કારણ થાય છે. આવા લક્ષપૂર્વક જિજ્ઞાસુ જીવોએ દરરોજ શાંતચિત્તે અવશ્ય શાસ્ત્રસ્વાધ્યાય કરવી જોઈએ.

આટલા ઉપોદ્ઘાત પછી હવે શાસ્ત્રમાળાના ૧૦૮ પુષ્પોનો પરિચય શરૂ કરીએ છીએઃ–

( **પુષ્પઃ ૧ ) સમયસાર-પ્રવચનોઃ** સમયસાર–પ્રવચનોનાં કુલ પાંચ પુસ્તકો પ્રગટ થયાં છે. તેમાં આ પહેલું પુસ્તક સં. ૨૦૦૧ માં શાસ્ત્રમાળાના પહેલા પુસ્તક તરીકે પ્રગટ થયું. જો કે આ પહેલાં સં. ૧૯૯૯ માં આત્મસિદ્ધિપ્રવચનો વગેરે પુસ્તકોનું પ્રકાશન થયેલું, પણ શાસ્ત્રમાળાની શરૂઆત સં. ૨૦૦૧ માં થઈ. ‘સમયસાર–પ્રવચનો’ પહેલા પુસ્તકમાં ગાથા ૧ થી ૧૩ સુધીનાં પ્રવચનો છે. કિંમત રૂા. ચાર સમયસાર–પ્રવચનો ( પુસ્તક બીજું ) ગાથા ૧૪ થી ૨૨ તથા ગા. ૩૧ ઉપરનાં પ્રવચનોઃ ( અપ્રાપ્ત )

**( પુષ્પઃ ૨ ) સમયસાર-પ્રવચનો ( પુસ્તક ત્રીજું )** : આમાં ગા. ૨૩ થી ૬૮ સુધીનાં પ્રવચનો છે. આ સમયસાર–પ્રવચનો પુસ્તક ત્રીજું–ચોથું ને પાંચમું એ ત્રણે પુસ્તકોની એ વિશેષતા છે કે તેમાં છપાયેલાં પ્રવચનો પૂ. બેનશ્રી અને પૂ. બેન ( બંને બહેનો ) દ્વારા લખાયેલાં છે; ને અંતરમાં ભેદજ્ઞાનના ઉદ્યમ માટેની ઉત્તમ પ્રેરણા આપે છે. દરેકની કિંમત રૂા. ત્રણ.

પુસ્તક ચોથામાં કર્તાકર્મ અધિકાર–પ્રવચનો છે; અને પુસ્તક પાંચમામાં બંધઅધિકાર–પ્રવચનો છે.

**( ૩ ) જિનેન્દ્રપૂજન-સંગ્રહઃ** સં. ૨૦૦૧ માં નાનકડું પૂજનસંગ્રહ પ્રસિદ્ધ થયેલ તેમાં વૃદ્ધિ થતાં થતાં આજ તો તે પુસ્તક પાંચસો ઉપરાંત પાનાનું બન્યું છે, ને તેની અનેક આવૃત્તિ છપાયેલ છે. જિનેન્દ્રપૂજનનો પ્રચાર દિનેદિને કેવો વૃદ્ધિગત થયો–તેનો ખ્યાલ આ જિનેન્દ્રપૂજાસંગ્રહ ઉપરથી આવે છે. કિંમત બે રૂપિયા.

**( ૪ ) છહઢાલા ( ગુજરાતી )** : પં. શ્રી દૌલતરામજી કૃત છહઢાળા કે જે શિક્ષણવર્ગમાં પાઠયપુસ્તક તરીકે પણ ચાલે છે, ને ગુજરાતી ભાષામાં છપાયેલ છે. છહઢાળા

卐 સ્વાધ્યાયને મહાન તપ ગણવામાં આવ્યું છે.

卐 શ્રાવકના હંમેશના છ કર્તવ્યમાં પણ શાસ્ત્રસ્વાધ્યાયનો ઉપદેશ છે.

卐 ભાવજ્ઞાનના અવલંબન વડે દ્રઢ કરેલા પરિણામથી સમ્યક્ પ્રકારે જિનશાસ્ત્રનો અભ્યાસ કરવો તે મોહક્ષયનો ઉપાય છે એમ પ્રવચનસાર ગા. ૮૬ માં કહ્યું છે.

ઉપર ગુરુદેવનાં પ્રવચનો પણ થઈ ગયાં છે; અવારનવાર છહ્‌ઢાળાની સામૂહિક સ્વાધ્યાય પણ થાય છે. મોટા-નાના સૌને ઉપયોગી આ પુસ્તકમાં ચારગતિનાં દુઃખો, સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગ વગેરેનું સુગમ શૈલિથી કથન છે. ગુજરાતીમાં ચોથી આવૃત્તિ છપાયેલ છેઃ પૃઃ ૧૭૨, કિંમત ૦-૮૦ (હિંદીમાં પણ છહ્‌ઢાળાની અનેક આવૃત્તિ છપાયેલ છે. છેલ્લી સચિત્ર આવૃત્તિ કિંમત એક રૂપિયો.)

(૫) **સમવસરણ-સ્તુતિઃ** આમાં સ્તુતિરૂપે સમવસરણનું ભાવભીનું વર્ણન છે. સીમંધરભગવાનના સમવસરણની રચનાનો નમૂનો સોનગઢમાં છે. તેમાં દરેક મહિનાની વદ છઠ્ઠે સામૂહિક ભક્તિમાં આ સમવસરણસ્તુતિ ગવાય છે. પૂ. બેનશ્રી-બેન દ્વારા આ સ્તુતિ ગવાતી હોય ત્યારે વિદેહીનાથના સમવસરણનો તાદશચિતાર ખડો થાય છે ને શ્રોતાઓ ભક્તિમાં એકતાન થઈને ઝૂમી ઊઠે છે. આ પુસ્તકમાં કુંદકુંદાચાર્યદેવની પણ અનેક સ્તુતિઓ છે. પુસ્તકની અનેક આવૃત્તિઓ છપાણી છે. કિંમત - ૦-૩૫

(૬) **અમૃતઝરણાંઃ** જેનું બીજું નામ છે 'મુક્તિનો માર્ગ.' પં ભાગચંદજી છાજેડે 'સત્તાસ્વરૂપ' નામનું પુસ્તક બનાવ્યું છે તેમાં સર્વજ્ઞનું સ્વરૂપ વગેરેનું સુંદર વર્ણન છે. તેના ઉપર સં. ૨૦૦૦ માં પૂ. ગુરુદેવે ખાસ પ્રવચનો કરેલા, તે આ પુસ્તકમાં છપાયેલ છે. જિજ્ઞાસુઓને દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ અત્યંત સુગમ શૈલિથી સમજાય, ને શ્રદ્ધા-ભક્તિનું ચાનક ચડે એવું આ પુસ્તક છે. ગુજરાતીમાં ત્રણ આવૃત્તિ છપાયેલ છે. કિંમત- ૦-૭૫

(હિન્દીમાં પણ 'મુક્તિ કા માર્ગ' ની છ આવૃત્તિ છપાયેલ છે. હિંદી-ગુજરાતી મળીને કુલ ત્રીસ હજાર જેટલા પુસ્તકો છપાયા છે. हिन्दी मुक्ति का मार्ग પૃઃ ૧૦૮, કિંમત પચાસ પૈસા.)

(૭) **જિનેન્દ્રસ્તવનાવલીઃ** સોનગઢ-જિનમંદિરમાં હંમેશાં બપોરે પ્રવચન પછી જિનેન્દ્ર - ભક્તિ થાય છે. ભક્તિમાં સ્તવન માટે શ્રી જિનેન્દ્રસ્તવનાવલી, જિનેન્દ્ર-સ્તવનમાલા, જિનેન્દ્રસ્તવનમંજરી અને જિનેન્દ્રભજનમાળા એ ચાર પુસ્તકોનો

શાસ્ત્ર ભણવાનો ગુણ શું?

ભિન્ન વસ્તુભૂત જ્ઞાનમય આત્માનું જ્ઞાન તે શાસ્ત્ર ભણવાનો ગુણ છે. (સમયસાર ગા. ૨૭૪)

ઉપયોગ થાય છે. જ્ઞાન–વૈરાગ્ય ને ભક્તિરસથી નીતરતાં ભજન–સ્તવનો પૂ. બંને બહેનો ઉપશાંતભાવથી ગવડાવતા હોય ત્યારે જિનમંદિરનું વાતાવરણ મુમુક્ષુભક્તોના ચિત્તને જિનભક્તિમાં થંભાવી દે છે. ભક્તિ માટેના આ ચારે પુસ્તકોનો પણ સારો પ્રચાર છે. ચારે પુસ્તકની અનેક આવૃત્તિ દ્વારા લગભગ ત્રીસહજાર જેટલાં પુસ્તકો છપાયા છે.

જિનેન્દ્રસ્તવનાવલી કિ. ૦–૭૫ જિનેન્દ્રસ્તવનમાળા કિં. –૧–૧૨

જિનેન્દ્ર ભજનમાળા કિં. ૧–૦૦ જિનેન્દ્ર સ્તવનમંજરી ( અપ્રાપ્ત )

( ૮ ) **નિયમસાર પ્રવચનો:** શુદ્ધાત્મભાવનાથી ભરપૂર નિયમસાર ઉપર પૂ. ગુરુદેવનાં પ્રવચનોમાંથી બે પુસ્તક છપાયા છે. પહેલાં પુસ્તકમાં શુદ્ધજીવ–અધિકાર ( ગા. ૧ થી ૧૯ ) ઉપરનાં પ્રવચનો છે. ( અપ્રાપ્ત ) બીજા પુસ્તકમાં શુદ્ધભાવ અધિકારની પાંચ ગાથા ( ૩૮ થી ૪૨ ) ઉપરનાં પ્રવચનો છે. કિં. ૧–૬૨

( ૯ ) **આત્મસિદ્ધિ ગાથા:** શ્રીમદ્‌રાજચંદ્રજીની ‘આત્મસિદ્ધિ’ –જે સ્વાધ્યાય માટે સર્વે જિજ્ઞાસુઓને ઉપયોગી છે. અનેક આવૃત્તિ છપાયેલ છે: કિં. ૦–૧૩

( ૧૦ ) **જૈનસિદ્ધાંતપ્રવેશિકા:** શિક્ષણવર્ગનું ને પાઠશાળાઓનું પાઠયપુસ્તક ( પંડિત શ્રી ગોપાલદાસજી બરૈયા રચિત ) શાસ્ત્રના અભ્યાસની પૂર્વભૂમિકારૂપે ઉપયોગી છે. ને જૈન–શબ્દકોશ જેવું કામ આપે છે. ( અપ્રાપ્ત ) ( હિંદી સુરતથી મળે છે. )

( ૧૧ ) **સમયસાર-પ્રવચન:** ભાગ ૨ ( વિગત માટે જુઓ પુષ્પ નં. ૧ માં )

( ૧૨ ) **આત્મસિદ્ધિ-સાર્થ:** આત્મસિદ્ધિ અર્થ સહિત, જિજ્ઞાસુઓને સ્વાધ્યાય માટે ઉપયોગી છે. મૂલ્ય ૦–૨૫

( ૧૩ ) **मुक्ति का मार्ग:** હિંદીમાં જેની ૨૩૦૦૦ જેટલી નકલો છપાઈ ગઈ છે; તે સુપ્રસિદ્ધ પુસ્તક ( વિગત માટે જુઓ પુષ્પ નં. ૬ માં ) પાંચમી ને છઠી આવૃત્તિ ખાસ સંશોધનપૂર્વક છપાયેલ છે.

આ પુસ્તકો મંગાવવા માટે નીચેના સરનામે લખવું–

**શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ,**

**સોનગઢ ( સૌરાષ્ટ્ર )**

રવાનગી ખર્ચ અલગ સમજવું. જુઓ, કમિશન સંબંધી માહિતી માટે ગતાંકમાં જુઓ, અથવા બાજુના સરનામે પૂછાવો.

(૧૪) ધર્મની ક્રિયાઃ યુક્તિપૂર્વક દલીલોથી ને શાસ્ત્ર આધારથી જડ–ચેતનની ભિન્નતા સમજાવીને, ધર્મની ક્રિયાનું સ્વરૂપ બતાવતું પુસ્તક, જેનું બીજું નામ છે મોક્ષની ક્રિયાઃ બીજી આવૃત્તિ કિંઃ ૧–૫૦

(૧૫) અનુભવપ્રકાશ અને સત્તાસ્વરૂપઃ (બંને સંયુક્ત પુસ્તક) પં. દીપચંદજી શાહ રચિત અનુભવપ્રકાશમાં અત્યંત રોચક શૈલીથી આત્માના અનુભવ માટે ચાનક ચડે તેવું સરસ વર્ણન છે. નાનકડું સુંદર પુસ્તક દરેક જિજ્ઞાસુને ઉપયોગી છે; બીજું પુસ્તક 'સત્તાસ્વરૂપ' પં. શ્રી ભાગચંદજી છાજેડ રચિત છે, તેમાં સર્વજ્ઞસત્તાની સિદ્ધિ કરીને એ બતાવ્યું છે કે સર્વજ્ઞદેવનો ભક્ત કેવો હોય? સર્વજ્ઞની ઓળખાણ કયારે થઈ કહેવાય? ને જૈનપણું કેવું હોય? આ પુસ્તક દરેક જિજ્ઞાસુને તત્ત્વનિર્ણય માટે ઉપયોગી છે. બંને પુસ્તકની અનેક આવૃત્તિ છપાઈ ગઈ છે. કિંમત–એક રૂપીઓ.

(૧૬) સમ્યગ્જ્ઞાન દીપિકાઃ ક્ષુલ્લક ધર્મદાસજી રચિત આ નાનકડું પુસ્તક અત્યંત સુગમશૈલિથી, દ્રષ્ટાન્ત અને ચિત્રો સહિત સ્વાનુભવની પ્રેરણા આપે છે. દરેક જિજ્ઞાસુને આત્મભાવના માટે ઉપયોગી છે. સચિત્ર પુસ્તક કિંમત ૧–૫૦

(૧૭) મોક્ષશાસ્ત્રઃ (ગુજરાતી ટીકા સંગ્રહ) આચાર્ય ઉમાસ્વામી રચિત આ પુસ્તક નાનકડા પણ અર્થગંભીર ૩૫૭ સૂત્રોદ્વારા જૈનસિદ્ધાંતનો સાર સમજાવે છે. જૈનોમાં સર્વમાન્ય અને નાનામોટા સૌને ઉપયોગી એવું આ શાસ્ત્ર પાઠશાળાઓનું પાઠયપુસ્તક છે; આ શાસ્ત્ર ઉપર અનેક ધૂરંધર આચાર્યોએ જે વિશાળ ટીકાઓ રચી છે; તે ટીકાઓના સારનો સંગ્રહ આ પુસ્તકમાં છેઃ દરેક અભ્યાસીઓને ઉપયોગી છે. આવૃત્તિઃ ત્રીજી, પૃ. ૯૧૫, કિં. ૪, હિન્દી આવૃત્તિ ત્રીજી–પૃ. ૯૦૦, મૂલ્ય રૂા. પાંચ.

(૧૮) સમયસાર પ્રવચનો ભાગઃ ૪ (વિગત માટે જુઓ પુષ્પ નં. ૨ માં)

(૧૯) मूलमें भूलः પં. શ્રી ભગવતીદાસજી રચિત ઉપાદાન–નિમિત્તના ૪૭ દોહરા ઉપરનાં પ્રવચનો આ પુસ્તકમાં છપાયા છે. આ પુસ્તકે જૈનસમાજમાં ઉપાદાન–નિમિત્તનું સ્વરૂપ સમજવા માટે સરસ જાગૃતી કરી છે. ઉપાદાન અને નિમિત્ત એ બંને સ્વતંત્ર હોવા છતાં, તેમને પરાધીન માનવા તે તત્ત્વની મૂળમાં જ ભૂલ છે. એમ બતાવીને, સત્યસ્વરૂપની સમજણદ્વારા તે ભૂલ ટાળવાનું આ પુસ્તક બતાવે છે. ઉપાદાન અને નિમિત્ત એ બંનેની સામસામી અનેક દલીલોથી સંવાદરૂપે હોવાથી આ પુસ્તકની શૈલી રોચક છે. હિંદી–ગુજરાતીમાં ઘણી નકલો પ્રગટ થઈ ચૂકી છે.

मूलमें भूल [ हिन्दी आवृत्ति: ] मूल्य ०-५०

મૂળમાં ભૂલ ( ગુજરાતી આવૃત્તિઃ ) કિં. ૦-૭૫

( ૨૦ ) દ્રવ્યસંગ્રહઃ શ્રી નેમિચંદ્ર સિદ્ધાંતચક્રવર્તી જેવા સમર્થ આચાર્યદ્વારા રચિત આ સુપ્રસિદ્ધ પુસ્તક જૈન સિદ્ધાંતનું સરસ પ્રતિપાદન કરે છે. ટૂંકામાં ઘણો સાર ભરી દીધો છે. પાઠશાળાનું પાઠયપુસ્તક છે, ને નાનામોટા સૌને ઉપયોગ છેઃ તેનો ગુજરાતી અનુવાદ અર્થસહિત ( અપ્રાપ્ત ) હિન્દી આવૃત્તિ રૂા. ૧ )

( ૨૧ ) જૈન–બાલરામાયણઃ ભગવાનશ્રી રામચંદ્રજીની જીવનગાથા રવિકીર્તિસ્વામીએ 'પદ્મપુરાણ' માં આલેખી છે–પદ્મ એ રામચંદ્રજીનું બીજું નામ છે; એટલે પદ્મપુરાણ એ જૈનરામાયણ છે. તેમાંથી સંક્ષિપ્ત કરીને નાનું પદ્મપુરાણ થયું હતું. તેનું આ ગુજરાતી ભાષાંતર છે. બાળકોને ખાસ ઉપયોગી છે; રામ અને સીતાજી તેમજ રાવણ વગેરે સંબંધી અનેક ભ્રાંત ધારણાઓ દૂર કરે છે. ગુજરાતીમાં મળતું નથી. ( હિંદીમાં સુરતથી મળે છે. ( કિં. પચાસ પૈસા. )

( ૨૨ ) સમયસાર–પદ્યાનુવાદઃ સ્વાધ્યાય માટે ઉપયોગી; આ પુસ્તકની કેટલીયે આવૃત્તિ છપાઈ ગઈ છે. લગભગ દરમહિનાની વદ આઠમે સમયસારની સમૂહસ્વાધ્યાય થાય છે. ( સમયસાર ઉપરાંત પ્રવચનસાર, નિયમસાર ને પંચાસ્તિકાયના પણ હરિગીતમાં પદ્યાનુવાદ છપાયા છે. અવારનવાર તે દરેકની પણ સમૂહસ્વાધ્યાય થાય છે. ) સ્વાધ્યાય માટેના આ બધા પુસ્તકોનો સંગ્રહ "શાસ્ત્રસ્વાધ્યાય" નામના પુસ્તકરૂપે પ્રગટ થયેલ છે. કિંમત ૧–૫૦

( ૨૩ ) જિનેન્દ્રસ્તવનમંજરીઃ ( અપ્રાપ્ત ) વિગત માટે જુઓ પુષ્પ નં. ૭ માં.

( ૨૪ ) પ્રતિક્રમણઃ પ્રતિક્રમણનું સાચું સ્વરૂપ સમજાવતું આ એક સંકલન છે. પર્યુષણ વગેરેના દિવસોમાં અનેક જિજ્ઞાસુઓ આ 'પ્રતિક્રમણ' નો ઉપયોગ કરે છે. અનેક આવૃત્તિ છપાયેલ છે. કિંમત પચાસ પૈસા.

( ૨૫ ) વસ્તુવિજ્ઞાનસારઃ ( હિંદી તેમજ ગુજરાતી ) પૂ. ગુરુદેવના કેટલાક ખાસ પ્રવચનો આ પુસ્તકમાં છપાયા છે; તેની દશહજાર પ્રત જિજ્ઞાસુઓને ભેટરૂપે આપવામાં આવી હતી. હિંદી ફરીને પાંચ હજાર છપાણી છે, –જિજ્ઞાસુઓને ભેટ આપવા માટે. )

( બીજા પુસ્તકોના પરિચય માટે જુઓ પાનું ૨૫ )

# આત્માની ખરી ખટક હોય તો.....

## ( વીતરાગી સન્તોનો મોટો ઉપકાર )

કોઈ કહે કે આત્મા સમજવા માટે અમને નિવૃત્તિ નથી મળતી; –તો તેને કહે છે કે ભાઈ, તારી વાત જૂઠી છે, તને આત્માની ખરી રુચિ નથી એટલે તું બહાનું કાઢે છે. તને વિકથાનો તો વખત મળે છે, ઊંઘવાનો ને ખાવાનો વખત તો મળે છે! ને આત્માના વિચાર માટે વખત નથી મળતો ? આત્માની ખરી ખટક હોય તો તેને માટે બીજાનો રસ છોડીને વખત કાઢયા વગર રહે જ નહીં. ભાઈ! આવા અવસર ફરીફરી નથી મળતા. આત્માનો જેવો સ્વભાવ છે તેવો સમજીને શ્રદ્ધા કરવી, તેનો રસ કરવો તેમાં જ સુખ છે, બાકી તો સંસારના બાહ્ય ભાવોમાં દુઃખ દુઃખ ને દુઃખ જ છે. અહા, જે આત્મસ્વભાવની પ્રેમથી વાત કરતાં પણ આનંદ આવે તેના સાક્ષાત્ અનુભવના આનંદની શી વાત! માટે હે જીવ! દુઃખથી છૂટવા ને આનંદિત થવા તું આત્મામાં ‘હું શુદ્ધ ચિદાનંદ છું’ –એવી શ્રદ્ધાના સંસ્કાર પાડ. જેણે સાચી શ્રદ્ધા કરી તેણે આત્મામાં મોક્ષના મંગલ સ્થંભ રોપ્યા. સમ્યગ્દર્શન કર્યું તે અલ્પકાળમાં મોક્ષપુરીનો નાથ થશે.

કહેવાય છે કે ‘દ્રષ્ટિએ દોલત પ્રગટે. ’ –કઈ દ્રષ્ટિ ? શુદ્ધ આત્માને દેખનારી દ્રષ્ટિ, તેના વડે કેવળજ્ઞાનાદિ અનંત ગુણની દોલત પ્રગટે છે. અરે, રુચિના અભાવે પોતાને પોતાનો સ્વભાવ જ કઠણ લાગે છે, ને બાહ્ય વિષયોની રુચિ છે એટલે તે સહેલું લાગે છે. –એ તો જીવની રુચિનો જ દોષ છે. રુચિ કરે તો આત્માની સમજણ સુગમ છે. આ કાળે સ્વરૂપનો અનુભવ કઠણ છે–એમ કહીને જે તેની રુચિ છોડી દે છે તે બહિરાત્મા છે. જેને જેની રુચિ અને જરૂરીયાત લાગે તેની પ્રાપ્તિમાં તેનો પ્રયત્ન વળે જ. જેને આત્માની રુચિ ખરેખર હોય તેનો પ્રયત્ન આત્મા તરફ વળે જ. બાકી રુચિ કરે નહિ, જ્ઞાન કરે નહિ અને રાગને ધર્મનું નામ આપી દે તેથી તે રાગ કાંઈ ધર્મ ન થઈ જાય. કડવા કરીયાતાને કોઈ ‘સાકર’ નું નામ આપીને ખાય તોપણ તે કડવું જ લાગે; તેમ રાગને કોઈ ધર્મ માને તોપણ તે રાગનું ફળ તો સંસાર જ આવે, તેનાથી કાંઈ મોક્ષ ન થાય. જેવો પુરુષાર્થ કરે તેવું કાર્ય પ્રગટે. સ્વભાવનો પુરુષાર્થ કરતાં સમ્યગ્દર્શનાદિ સ્વભાવકાર્ય પ્રગટે; અને રાગનો પુરુષાર્થ કરતાં પુણ્ય–પાપ થાય પણ ધર્મ ન થાય.

પુરુષાર્થ કરે રાગનો ને ફળ માગે ધર્મનું, –એ કયાંથી મળે? આત્માનો જેવો સ્વભાવ છે તેવો દૃષ્ટિમાં લઈને તેની સન્મુખ પરિણમે તે જીવને અલ્પકાળમાં મોક્ષપ્રાપ્તિ થશે થશે ને થશે.

સર્વજ્ઞપરમાત્માની વાણી ઝીલીને કુંદકુંદાચાર્યદેવે તેનું રહસ્ય આ પરમાગમોમાં ઉતાર્યું છે. ‘જિનદેવ આમ કહે છે’ –એમ ભગવાનની સાક્ષી આપીને તેમણે આત્મસ્વભાવને પ્રસિદ્ધ કર્યો છે. અને તેમના પછી એકહજાર વર્ષે અમૃતચંદ્રાચાર્ય થયા તેમણે પણ ‘ભવસમુદ્રનો કિનારો જેમને નીકટ છે એવા કુંદકુંદાચાર્યદેવ’ –એમ કહીને તેમના હૃદયનું રહસ્ય ટીકામાં ખોલ્યું છે. અહા, એ વીતરાગી દિગંબર સન્તોનો મુમુક્ષુ જીવો ઉપર મોટો ઉપકાર છે.

**અરે આવું મહિમાવંતુ આત્મતત્ત્વ, તે સાધવાની જીવોને નવરાશ કેમ નથી મળતી? બીજા પ્રયોજન વગરની ઉપાધિમાં લાગ્યો રહે છે, પણ ભાઈ! તારા આત્માની અદ્‌ભુતતા તો દેખ! અહો, ચૈતન્યનો કોઈ અદ્‌ભુત આનંદકારી સ્વભાવ છે; જગતની જેમાં ઉપાધિ નથી ને પોતાના નિજાનંદમાં કેલી કરતું જે પરિણમી રહ્યું છે. એવા તારા ચૈતન્યતત્ત્વને અંતરમાં જો.**

**અહા, અનંતશક્તિવાળા આત્માને જે લક્ષમાં લ્યે તેને વિકારનો પ્રેમ કેમ રહે? જેને મોક્ષની લગની છે, જેને આત્માના વૈભવની લગની છે, અનુભવની ધગશ છે, એવા મોક્ષાર્થી જીવને આચાર્યદેવે પરમ કરુણાથી આત્મવૈભવ દેખાડયો છે. સ્વાનુભૂતિ વડે આવો આત્મવૈભવ પ્રાપ્ત થાય છે.**

# અનુભવની ઉત્તમ વાત

( આ સંબંધી બે લેખ ગતાંકમાં પૃષ્ઠ ૧૦ તથા ૧૭ માં પ્રગટ થયા છે. )

( કારતક વદ ૧૦, સમયસાર કલશ ૯૦ ના પ્રવચનમાંથી )

જ્ઞાનસ્વરૂપ આત્મા નિર્વિકલ્પસ્વરૂપ છે; તેને અનુભવમાં લેવાની રીત શું છે? તે વાત ચાલે છે.

આત્મા સ્વભાવથી અબંધ છે; પણ પર્યાયના વિકલ્પમાં ઊભો રહીને 'અબંધ છું' એવો જે વિકલ્પ કરે છે તે વિકલ્પમાં આકુળતા ને દુઃખ છે; અબંધના વિકલ્પમાં અબંધ આત્મા અનુભવમાં નથી આવતો. અંદર અબદ્ધસ્વભાવમાં પરિણમન કરતાં તે વિકલ્પનું કર્તૃત્વ રહેતું નથી.

અબદ્ધ–શુદ્ધઆત્મા તેમાં પરિણમન થતાં, અબદ્ધ છું–એવા વિકલ્પનું પરિણમન વ્યય પામે છે ને નિર્વિકલ્પ સમરસપરિણમનનો ઉત્પાદ થાય છે. –આનું નામ અનુભવ, ને આનું નામ સમ્યગ્દર્શન.

સમ્યગ્દર્શન તે શાંત–સમરસી પરિણમન છે; વસ્તુમાં અભેદ પરિણમન થતાં એવું પરિણમન પ્રગટે છે. –તેમાં આત્મા સ્વાનુભવપ્રત્યક્ષ છે. આત્મા 'પ્રત્યક્ષ થવાયોગ્ય છે' એવો વિકલ્પ કર્યા કરે ત્યાંસુધી આત્મા પ્રત્યક્ષ થતો નથી. પ્રત્યક્ષ આત્માને સીધો (વિકલ્પ વગર) ઉપયોગમાં લીધા વગર તે વિકલ્પનું કર્તૃત્વ છૂટે નહિ ને મિથ્યાત્વ મટે નહીં. સ્વભાવ લક્ષમાં આવે ત્યાં વિકલ્પ છૂટીને સમરસમય શાંતિનું વેદન થાય છે, તેમાં નિર્વિકલ્પ અતીન્દ્રિયસુખનું વેદન છે.

હું શુદ્ધ છું–અબદ્ધ છું–પ્રત્યક્ષ છું એમ ખરું લક્ષ કયારે થયું? કે પર્યાય અંતરમાં વળી ત્યારે. પહેલાં ગુરુગમે નિર્ણય તો કર્યો પણ પર્યાય જ્યારે વિકલ્પમાંથી ખસીને સ્વભાવમાં આવી ત્યારે તે શુદ્ધ વસ્તુ અનુભવમાં આવી, પ્રત્યક્ષરૂપ થઈ.

પર્યાય, પર્યાયના લક્ષમાં રહેતી નથી, પર્યાય, દ્રવ્યના લક્ષમાં જાય છે ને તેમાં એકાગ્ર થતાં વિકલ્પનું કર્તૃત્વ છૂટી જાય છે. પર્યાય પર્યાયના જ લક્ષમાં રહ્યા કરે ને અંતર્મુખ દ્રવ્યના લક્ષમાં ન આવે ત્યાંસુધી સમ્યક્ત્વ થાય નહિ ને વિકલ્પનું કર્તૃત્વ છૂટે નહીં. વિકલ્પનો ખખડાટ લઈને અંદર શાંત–સમરસભાવમાં જઈ શકાય

નહિ. સમભાવનું પરિણમન તે ધર્મ છે, તે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, તેમાં વિકલ્પનો ખખડાટ નથી.

બીજા વિકલ્પોમાં રોકાયા કરે એને આત્મા કયાંથી સમજાય? જે વસ્તુ સમજવાની છે તે વસ્તુની સન્મુખ ન જાય તો તે કેમ સમજાય? વસ્તુસ્વભાવની સન્મુખ ઉપયોગ કરે ને વિકલ્પમાંથી ઉપયોગને હઠાવે તો જ આત્મવસ્તુ સમજાય ને અનુભવમાં આવે.

જુઓ તો ખરા, આ સમરસની કેવી સરસ વાત છે! આજે તો ભગવાન મહાવીર પરમાત્માએ મુનિદશા અંગીકાર કરી; શુદ્ધોપયોગ પ્રગટ કરીને મુનિ થયા; ચારિત્રદશા આજે થઈ. અહા, ઇન્દ્રોએ જેમના ચારિત્રનો મહોત્સવ કર્યો–એની શી વાત! ત્રણ જ્ઞાન તો જન્મથી જ લાવ્યા હતા, ને આજે (કારતક વદ દશમે, શાસ્ત્રીય ભાષામાં માગશર વદ દશમે) ચોથું જ્ઞાન આત્મધ્યાનમાં પ્રગટ થયું; શુદ્ધોપયોગરૂપ મહા સમરસભાવ પ્રગટ થયો. સમ્યગ્દર્શનરૂપ સમરસ તો પહેલેથી હતો જ, આજે તો ચારિત્રરૂપી મહાન સમરસ પ્રગટયો.

વિકલ્પમાં ચૈતન્યના સમરસનો અનુભવ નથી; ને સમરસના અનુભવમાં વિકલ્પની વિષમતા નથી. નિર્વિકલ્પ શાંતરસના અનુભવપૂર્વક સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન થતાં દ્રવ્ય ને પર્યાય બંને સમરસપણે અનુભવાય છે. જેવી વસ્તુ હતી તેવી પર્યાય થઈને અનુભવમાં આવી. શુદ્ધ પરિણામદ્વારા શુદ્ધદ્રવ્ય નક્કી થાય છે. વીતરાગમાર્ગનો આ રસ છે. આમાં પર્યાયે 'વીતરાગ' થઈને વીતરાગસ્વરૂપનાં દર્શન કર્યા. રાગવડે વીતરાગસ્વરૂપ અનુભવમાં ન આવે. દ્રવ્ય ને પર્યાય બંને સમરસ એકરૂપ થાય ત્યારે શુદ્ધ વસ્તુ અનુભવમાં આવે છે, તેમાં વિકલ્પો રહેતા નથી.

વિકલ્પો તો ઇન્દ્રજાલ જેવા છે. 'હું શુદ્ધ છું' એવા વિકલ્પમાં શુદ્ધઆત્મા પ્રકાશતો નથી, માટે વિકલ્પો તો ઇન્દ્રજાલ જેવા છે; શુદ્ધચૈતન્યની અનુભૂતિ થતાં જ વિકલ્પની ઇન્દ્રજાલ અલોપ થઈ જાય છે; આત્મતત્ત્વ મહા આનંદસહિત સ્ફૂરાયમાન થાય છે. તે આનંદમાં બીજો કોઈ વિકલ્પ રહેતો નથી. આવું જે ચૈતન્યતત્ત્વ તે હું છું–એમ ધર્મી અનુભવે છે.

શુદ્ધ સ્વભાવની સન્મુખ નિશાન લઈને જ્યાં જ્ઞાનનો ટંકાર થયો ત્યાં વિકલ્પજાળ કયાંય ભાગી ગઈ. ચૈતન્યસૂર્યના તેજ પાસે વિકલ્પરૂપ અંધકાર ટકતો નથી. સુખનો સૂરજ ઊગ્યો ત્યાં વિકલ્પરૂપ દુઃખ કેમ રહે?

વિકલ્પોને ઇન્દ્રજાળ કહીને એમ બતાવ્યું કે તેના વડે આત્મા અનુભવાતો નથી; તે વિકલ્પો સત્‌સ્વભાવરૂપ નથી પણ ઇન્દ્રજાળ જેવા છે. જ્યાં આનંદની સ્ફૂરણા થઈ, જ્ઞાનપ્રકાશનું કિરણ ફૂટયું ત્યાં દુઃખ કે અજ્ઞાનઅંધકાર રહેતા નથી, તેનો અભાવ થઈ જાય છે માટે તે અસત્‌ છે, ઇન્દ્રજાળ જેવા છે. શુદ્ધના વિકલ્પમાં જાણે શુદ્ધાત્મા આવી જતો હોય એવો અજ્ઞાનીને ભ્રમ છે તે ઇન્દ્રજાળ જેવો છે. સાચી વસ્તુનો પ્રકાશ થતાં તે ભ્રમ તત્ક્ષણે જ મટી જાય છે.

વિકલ્પ તો રાગ છે–સ્થૂળ છે, તેમાં સમ્યગ્દર્શનાદિ દેવાની તાકાત નથી. વિકલ્પમાં આત્મા પ્રસિદ્ધ થતો નથી. આત્માની પ્રસિદ્ધિ અંતર્મુખ શાંતપરિણામમાં છે, તેમાં વિકલ્પના ઊછાળા નથી. આકુળતા તે આનંદનું કારણ કેમ થાય? શુભવિકલ્પ પણ આકુળતા છે; તો તે શુભ, કઈ રીતે શુદ્ધતાનું કારણ થાય? –ન થાય. હું તો જ્ઞાન છું....જ્ઞાનરૂપે મારે થવું છે. વિકલ્પરૂપે થનાર હું નહિ, જ્ઞાન ને આનંદરૂપે થનાર જ હું –એવો જ્ઞાનીનો અનુભવ છે. અનુભવનું સાધન? સાધનમાં વિકલ્પ નથી, સ્વરૂપસન્મુખ ઉપયોગ તે પોતે જ સાધન છે; ભિન્નસાધનનો અભાવ છે. સાધન તો સાધ્યની જાતિનું હોય, કાંઈ વિરુદ્ધ ન હોય. વિકલ્પો તો શુદ્ધાત્માથી જુદી જાત છે, તે શુદ્ધાત્માના અનુભવનું સાધન થતા નથી. શુદ્ધઆત્મા અનુભવમાં પ્રગટ થતાં વિકલ્પોની ઇન્દ્રજાળ અલોપ થઈ જાય છે, ને નિર્વિકલ્પઆનંદ થાય છે.

આ રીતે શુદ્ધચૈતન્યને અનુભવવો–તે જ કાર્યસિદ્ધિ છે, તે જ મુમુક્ષુનું ખરું કાર્ય છે. આવા અનુભવ સિવાય એકલા વિકલ્પો કર્યા કરે ત્યાંસુધી કાંઈ કાર્યસિદ્ધિ નથી. શુદ્ધઆત્માને ચેતવો, –ધ્યાનમાં ધ્યેય બનાવવો, તેમાં અપૂર્વ આનંદ છે, ને તે જ કાર્યસિદ્ધિ છે.

## આત્માની ઊર્ધ્વતા

અદ્‌ભુત જ્ઞાનવૈભવવાળો આત્મા ત્રિલોકનો સાર છે. બધા પદાર્થોમાં આત્માની ઊર્ધ્વતા છે, કેમકે આત્મા ન હોય તો જગતને જાણે કોણ? જગત છે–એમ તેના અસ્તિત્વનો નિર્ણય આત્માના અસ્તિત્વમાં જ થાય છે. જગતનો જાણનાર એવો જે જ્ઞાનસ્વરૂપ આત્મા, તેના અસ્તિત્વના સ્વીકાર વગર જગતના કોઈ પદાર્થના અસ્તિત્વનો નિર્ણય થઈ શકે નહીં. માટે બધા પદાર્થોમાં આત્માની ઊર્ધ્વતા છે.

# પરમ શાંતિદાતારી અધ્યાત્મભાવના

( લેખાંક-૫૮ ) ( અંક ૨૯૦ થી ચાલુ )

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામીરચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

( સં. ૨૦૧૨, શ્રાવણ સુદ ૧૩ શનિવાર )

આત્મસ્વરૂપની ભાવના કરવાથી આત્મા પોતે સ્વતઃ પરમાત્મપદને પામે છે–એમ હવે કહે છે–

इतीदं भावयेन्नित्यम् अवाचांगोचरं पदम् ।
स्वतएव तदाप्नोति यतो नावर्तते पुनः ।।९९।।

આગલી ગાથાઓમાં ભિન્નઉપાસનાનું અને અભિન્ન ઉપાસનાનું સ્વરૂપ કહ્યું, એ બંનેમાં શુદ્ધાત્મસ્વરૂપની સન્મુખતા છે. એ રીતે જાણીને નિરંતર તે શુદ્ધ આત્માની ભાવના કરવી જોઈએ; તેની ભાવનાથી વચનને અગોચર એવું પરમપદ આત્મા સ્વતઃ પામે છે–કે જેમાંથી કદી પણ પુનરાગમન થતું નથી.

સિદ્ધ ભગવાન તથા અર્હંત ભગવાનને જાણીને પહેલાં તો આત્માના વીતરાગ–વિજ્ઞાન સ્વભાવનો નિર્ણય કરવો જોઈએ, ને પછી તેની ભાવનાથી તેમાં એકાગ્રતાનો દ્રઢ અભ્યાસ કરવો જોઈએ. આ જ પરમાત્મા થવાનો ઉપાય છે. કોઈ નિમિત્તનો આશ્રય કરીને કે રાગાદિનો આશ્રય કરીને સિદ્ધ કે અર્હંત ભગવંતો પરમાત્મદશાને નથી પામ્યા, પણ આત્મસ્વરૂપનો આશ્રય કરીને તેના ધ્યાનથી જ પરમાત્મદશા પામ્યા છે.

સમયસાર ગા. ૪૧૦ માં કહે છે કે– શરીરાશ્રિત મોક્ષમાર્ગ નથી; અર્હન્ત ભગવંતોએ શરીરનું મમત્વ છોડીને શુદ્ધાત્માના આશ્રયે દર્શન–જ્ઞાન–ચારિત્રને જ મોક્ષમાર્ગપણે ઉપાસ્યા છે. ભગવંતોએ સ્વદ્રવ્યાશ્રિત એવા સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રને જ મોક્ષમાર્ગ કહ્યો છે. માટે હે ભવ્ય! શુદ્ધજ્ઞાનચેતનામય થઈ ને તું તારા આત્માને ધ્યાવ.

પોતાના શુદ્ધઆત્માની ભાવનાના પ્રભાવથી જ આત્મા સર્વજ્ઞ થાય છે; અહો, સર્વજ્ઞપદનો મહિમા વચનથી અગોચર છે, તેની પ્રાપ્તિ શુદ્ધાત્માની ભાવના વડે એટલે કે સ્વાનુભવ વડે થાય છે. તેથી શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે ‘અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો. ’ સર્વજ્ઞસ્વભાવથી ભરેલા પોતાના ચૈતન્યપદને છદ્મસ્થજ્ઞાની પણ પોતાના સ્વાનુભવ વડે બરાબર જાણી શકે છે. એને જાણીને એની જ નિત્ય ભાવના કરવા જેવી છે.

શુદ્ધસ્વરૂપની ભાવના કરનાર, એટલે કે પર્યાયને અંતર્મુખ કરીને સ્વરૂપમાં લીન કરનાર

જીવ, સ્વયં પોતાથી જ સિદ્ધપદ પામે છે, કોઈ બીજા બાહ્યસાધનને લીધે સિદ્ધપદ નથી પામતો, સંસ્કૃતમાં લખે છે કે મોક્ષ કઇ રીતે પામે છે? –કે 'स्वत एव आत्मनैव परमार्थतो न पुनः गुरुआदि बाह्यनिमित्तात्' અર્થાત્ પોતાથી–પોતાના આત્માથી જ પરમાર્થે મોક્ષ પામે છે, નહિ કે ગુરુઆદિ બાહ્ય નિમિત્તોથી–જુઓ, કેટલી સ્પષ્ટ વાત કરી છે.

જેને પોતાને મોક્ષપદ સાધવું છે, તો તેવા મોક્ષપદને પામેલા (અરિહંતો ને સિદ્ધો) તથા તેને સાધનારા (સાધુમુનિરાજ વગેરે) જીવો કેવા હોય તેની ઓળખાણ તો તેને હોય જ. એનાથી વિપરીત તરફ તેનો ભાવ ઝુકે નહિ. પણ અહીં તો એનાથી આગળ વધીને ઠેઠ આરાધનાની પૂર્ણતાની ઉત્કૃષ્ટ વાત છે. સાચા દેવ–ગુરુને ઓળખ્યા પછી પણ તેમના જ લક્ષે રાગમાં રોકાઇ રહેતો નથી પણ એમના જેવા નિજસ્વરૂપના અનુભવમાં એકાગ્ર થઈને મોક્ષને સાધે છે. જેટલી નિજસ્વરૂપમાં એકાગ્રતા તેટલો મોક્ષમાર્ગ. અહો, એકલા સ્વાશ્રયમાં મોક્ષમાર્ગ સમાય છે. અંશમાત્ર પરાશ્રય મોક્ષમાર્ગમાં નથી. મોક્ષમાર્ગમાં પરનો આશ્રય માને તેણે સાચા મોક્ષમાર્ગને જાણ્યો નથી. ભાઈ, પરના આશ્રયે મોક્ષમાર્ગ માનીશ તો તેનું લક્ષ છોડીને નિજસ્વરૂપનું ધ્યાન તું કયારે કરીશ? પર લક્ષ છોડી, નિજસ્વરૂપના ધ્યાનમાં લીન થયા વગર ત્રણકાળમાં કોઈનો મોક્ષ થાય નહીં. –હજી આવો માર્ગ પણ નક્કી ન કરે તે તેને સાધે કયારે? માર્ગના નિર્ણયમાં જ જેની ભૂલ હોય તે તેને સાધી શકે નહીં. અહીં તો નિર્ણય ઉપરાંત હવે પૂર્ણ સમાધી પ્રાપ્ત કરીને જન્મ–મરણના અભાવરૂપ સિદ્ધપદ થવાની વાત છે. –એ જ સાચું સમાધિસુખ છે. "સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન જ્ઞાન અનંત સહિત જો" –આવા નિજપદની પ્રાપ્તિનો અપૂર્વઅવસર આવે–એવી આ વાત છે.।। ૯૯।।

અર્હન્તમાર્ગમાં મોક્ષના ઉપાયનું યથાર્થસ્વરૂપ શું છે તે બતાવ્યું ને તેના ફળમાં પરમપદની પ્રાપ્તિ પણ બતાવી. હવે આવો યથાર્થ મોક્ષમાર્ગ બીજા કોઇ અન્ય મતોમાં હોતો નથી, –એ વાત સમજાવે છે–

अयत्नसाध्यनिर्वाणं चित्तत्त्वं भूतजं यदि ।
अन्यथा योगतस्तस्मान्न दुःखं योगिनां क्वचित् ।।१००।।

આ ચૈતન્યતત્ત્વ આત્મા સ્વતઃસિદ્ધ, દેહથી ભિન્ન તત્ત્વ છે, તે અવિનાશી છે. આ ચૈતન્યતત્ત્વ 'ભૂત' એટલે કે પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ વગેરેથી ઉત્પન્ન થયું હોય તો તો દેહની ઉત્પત્તિ સાથે તેની ઉત્પત્તિ, અને દેહના નાશથી તેનો નાશ–એમ થાય, એટલે મોક્ષને માટે કોઇ યત્ન કરવાનું ન રહે. દેહના સંયોગોથી આત્મા ઉપજે ને દેહના વિયોગથી આત્મા નાશ પામે, –દેહથી જુદો કોઈ આત્મા છે જ નહી–એમ નાસ્તિક લોકો માને છે;

દેહ છૂટતાં આત્માનો પણ અભાવ થઇ જશે, –એ રીતે અભાવને તેઓ મોક્ષ કહે છે, એટલે તેમને મોક્ષનો પ્રયત્ન કરવાનું કયાં રહ્યું? અરે, જ્યાં પોતાનું અસ્તિત્વ જ ન માને એને માટે પ્રયત્ન કોણ કરે? મોક્ષ તો પરમ આનંદમય દશા છે, ને તે જ્ઞાનમય પુરુષાર્થવડે પ્રગટ થાય છે. 'મોક્ષ' એ કાંઈ આત્માનો અભાવ નથી; પણ મોક્ષ એ તો કર્મના અભાવમાં આત્માનું પૂર્ણ શુદ્ધસ્વરૂપે ખીલી નીકળવું તે છે. જો મોક્ષમાં આત્માનો અભાવ હોય તો એવા મોક્ષને નાસ્તિક સિવાય કોણ ઈચ્છે? પોતે પોતાના અભાવને કોણ ઇચ્છે? માટે નાસ્તિકો માને છે તેમ આત્મા કાંઈ પંચભૂતથી ઉત્પન્ન થયેલ નથી, તેમજ તે મરીને પંચભૂતમાં ભળી જતો નથી; તે તો સ્વયંસિદ્ધ અનાદિઅનંત તત્ત્વ છે; ને નિજસ્વરૂપમાં એકાગ્રતાના પ્રયત્નવડે તે પરમ આનંદરૂપ મોક્ષદશા પામે છે મોક્ષદશામાં સદાકાળ તેનું અસ્તિત્વ રહે છે.

વળી બીજા કોઈ એમ માને છે કે આત્મા તો સર્વથા શુદ્ધ જ છે, પર્યાયમાંય અશુદ્ધતા નથી. –તો તે પણ ભ્રમણા છે, ને તેનેય મોક્ષનો ઉદ્યમ જાગતો નથી. આત્મામાં શુદ્ધતાનું સામર્થ્ય સદાકાળ છે, પણ તેને ઓળખીને, તેમાં ઉપયોગને જોડે ત્યારે તે પ્રગટ થાય છે, ને એવા ઉપાયરૂપ યોગદ્વારા મોક્ષ થાય છે આવી મોક્ષદશા ન પ્રગટે ત્યાંસુધી આત્મામાં અશુદ્ધતા છે.

આ રીતે, દેહથી ભિન્ન આત્મતત્ત્વની નિત્યતા, તેની પર્યાયમાં અશુદ્ધતા, તથા પ્રયત્નદ્વારા તે અશુદ્ધતાનો નાશ કરીને મોક્ષની ઉત્પત્તિ, ને મોક્ષદશામાં પરમ આનંદસહિત આત્માનું નિત્ય અસ્તિત્વ, –આ બધા પ્રકાર જાણે ત્યારે જ મોક્ષનો સાચો ઉદ્યમ થાય છે.

દેહ તે આત્મા નથી એમ ભિન્નતા જાણીને જેણે પોતાના ઉપયોગને નિજ સ્વરૂપમાં જોડયો છે એવા યોગી–મુનિઓને શરીરના છેદન–ભેદનાદિ ઉપસર્ગમાંય કદાપિ દુઃખ થતું નથી; તેઓ તો આનંદસ્વરૂપમાં ઉપયોગને જોડીને મોક્ષને સાધવામાં તત્પર છે. મોક્ષનો ઉદ્યમ તો આનંદકારી છે, તે કાંઈ દુઃખરૂપ નથી. જગતને મોક્ષના ઉપાયની ખબર નથી.

અહીં તો કહે છે કે દેહ આત્મા નથી, 'तस्मात् न दुःखं योगिनां क्वचित' એટલે દેહથી ભિન્ન ચૈતન્યતત્ત્વમાં જ્યાં ઉપયોગને જોડયો ત્યાં નિજાનંદના અનુભવમાં લીન મુનિને દેહનું લક્ષ જ નથી પછી દુઃખ કેવું? અહીં શરીરને સિંહ વાઘ ખાતા હોય ને અંદર મુનિ અતીન્દ્રિય સુખની મોજ કરતા હોય.

આમ દેહથી ભિન્ન આત્મતત્ત્વને જાણીને તારા નિજસ્વરૂપમાં ઉપયોગને જોડ, –એવો ઉપદેશ છે. નિજસ્વરૂપમાં ઉપયોગને જોડવો તે જ મોક્ષમાર્ગ છે, તેમાં સુખ છે, તેમાં સમાધિ છે, તેમાં મહા આનંદ છે, તેમાં કિંચિત્ દુઃખ નથી. ।। ૧૦૦।।

# દરેક જીવની ફરજ

**આ મોંઘું માનવજીવન પામીને તેને જેમ તેમ વેડફી ન નાંખતાં, હે જીવ! આત્મહિત માટે સન્તો તને તારી જે ફરજ બતાવે છે તે સમજીને તે માટે ઉદ્યમી થા....ને તારા જીવનને સફળ કર.**

પોતાના આત્માને ઓળખવાનો પ્રયત્ન કરવો તે જ દરેક જીવની પહેલી ફરજ છે. અત્યારે તો લોકો બહારમાં ફરજ–ફરજ કરે છે, દેશની ફરજ, કુટુંબની ફરજ, પુત્રની ફરજ, યુવાનોની ફરજ–એમ અનેક પ્રકારે બહારની ફરજ મનાવે છે ને મોટા મોટા ભાષણ કરે છે, –પણ અહીં તો કહે છે કે, ભાઈ, એ બધી બહારની ફરજ તે તો વૃથા વ્યથા છે, –મફતની હેરાનગતી છે. આ આત્માની સમજણ કરવી તે જ બધાયની ખરી ફરજ છે, –એ ફરજ એક વાર બજાવે તો મોક્ષ મળે.

જુઓ, આ આત્માની ફરજ! બહારમાં ક્યાંય આત્માની ફરજ છે? કે ના; બહારનું તો આત્મા કાંઈ કરી શકતો નથી, છતાં ફરજ માને તે તો મિથ્યા–અભિમાન છે, તારો સ્વ–દેશ તો તારો આત્મા છે, અનંત ગુણથી ભરેલો તારો અસંખ્યપ્રદેશી આત્મા જ તારો 'સ્વદેશ' છે, તેને ઓળખીને તેની સેવા (આરાધના) કર, તે તારી ફરજ છે; એ સિવાય બહારનો દેશ તે તો 'પર–દેશ' છે, તેમાં તારી ફરજ નથી.

હવે અંદર શુભરાગ થાય તે તો ફરજ છે ને? –તો કહે છે કે ના; રાગ તે પણ ખરેખર ફરજ નથી. રાગ કરે છે પોતે, પણ તે ફરજ નથી –કર્તવ્ય નથી, કેમ કે તેમાં પોતાનું હિત નથી. જેમાં પોતાનું હિત ન હોય તેને ફરજ કેમ કહેવાય? અંતરમાં ચૈતન્યમૂર્તિ આનંદથી ભરપૂર પોતાના આત્માને ઓળખીને તેના આશ્રયે સમ્યક્શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરવા, ને એ રીતે આત્માને ભવદુઃખથી છોડાવવો તે દરેક જીવની ફરજ છે.

આ દેહ તારો નથી,
દેહમાં તારી કંઈ ફરજ નથી,
ને દેહ તને શરણ નથી.

તારી અનંત શક્તિમાં રાગ નથી,
રાગ તે તારી ફરજ નથી,
ને રાગ તને શરણ નથી.

તારો આત્મા અનંતશક્તિસંપન્ન છે,
તે જ તારું સ્વરૂપ છે,
ને તે શક્તિની સંભાળ કરીને તેમાંથી

સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરવા તે તારી ફરજ છે, અને તે જ તને શરણભૂત છે.

–માટે તેને ઓળખીને તેનું શરણ કર, ને તારી ફરજ બજાવ. હું પરનું કરી દઉં એવી માન્યતામાં જે રોકાય છે તે પોતાની વાસ્તવિક ફરજ ચૂકી જાય છે. માટે હે ભવ્ય! પરનું કરવાની બુદ્ધિ તું છોડ, ને આત્મહિતમાં તારી બુદ્ધિ જોડ. આત્માની સંભાળ કર, તેનું શરણ કર, ને તેના શરણે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર પ્રગટ કરીને તારા આત્માને ભવભ્રમણથી છોડાવ....ને એ રીતે તારી ફરજ બજાવ. આ મનુષ્યપણું પામીને આત્માને હવે ભવદુઃખથી છોડાવવો તે જ, હે જીવ! તારી ફરજ છે, ને તે માટે તું તારા આત્માને ઓળખવાનો પ્રયત્ન કર.

(આત્મપ્રસિદ્ધિ)

## આત્માનું સુખ

આત્માના સ્વભાવમાં સહજ સુખ છે, બહારમાં આનંદ ન હોવા છતાં કલ્પનાથી તેમાં જે આનંદ માને છે તે પોતે આનંદસ્વરૂપ છે. પોતાનો આનંદ પોતામાં ભર્યો છે પણ પોતાના આનંદને ભૂલ્યો એટલે તેનો આરોપ બીજામાં કર્યો કે ‘આમાં મારો આનંદ છે.’ –પણ એ આરોપ મિથ્યા છે–ખોટો છે.

‘પરમાં મારું સુખ’ –એનો અર્થ એ થયો કે આત્મા અહીં ને તેનું સુખ કયાંક બીજે, એટલે આત્મા અને સુખ બંને જુદા જ ઠર્યા; સુખ તે આત્માનો સ્વભાવ ન રહ્યો! પણ ભાઈ, એવો (સુખ વગરનો) આત્મા ન હોય. આત્મા તો સુખસ્વરૂપ છે. આત્મા આનંદથી ખાલી નથી, આત્મા પોતાના આનંદથી ભરેલો છે. એનું ભાન કરતાં આનંદના સ્વાદનું વેદન થાય છે.

# અનુભવનો માર્ગ

## આત્માના અનુભવનો માર્ગ ઊંડો ગંભીર અંતરનો છે.

ભગવાનનો માર્ગ એ અનુભવનો માર્ગ છે, જૈનશાસન આત્માની અનુભૂતિમાં સમાય છે. રાગના અંશ વડે વીતરાગભગવાનનો માર્ગ શરૂ થતો નથી, પણ વીતરાગ અંશવડે જ ભગવાનનો માર્ગ શરૂ થાય છે. શુદ્ધ પરિણામ–અનુસાર ભગવાનનો માર્ગ છે, રાગઅનુસાર–વિકલ્પઅનુસાર ભગવાનનો માર્ગ નથી એટલે કે મોક્ષમાર્ગ નથી. ચૈતન્યમાં ઊંડે ઊતરીને તેની ગંભીરતામાં જતાં વીતરાગ આનંદનો અનુભવ પ્રગટે છે, તે મોક્ષમાર્ગ છે, તે દ્રવ્યના શુદ્ધ પરિણામ છે. વિકલ્પ–રાગ તે ખરેખર દ્રવ્યના પરિણામ નથી, તે તો સ્વભાવથી બહાર છે, સ્થૂળ છે, ઉપર–ઉપરનાં છે. ને અંતરના અનુભવના પરિણામ તો સૂક્ષ્મ–ગંભીર–ઊંડા છે.

જે વિકલ્પ કરવામાં જ ઊભો છે ને નિર્વિકલ્પતામાં આવતો નથી તે જ વિકલ્પનો કર્તા છે; નિર્વિકલ્પમાં આવ્યા વગર વિકલ્પનું કર્તાપણું (અજ્ઞાન) છૂટતું નથી. અને જ્યાં અંતર્મુખ નિર્વિકલ્પ અનુભવમાં આવ્યો ત્યાં વિકલ્પનું કર્તૃત્વ રહેતું નથી.

વિકલ્પને પોતારૂપ જાણે તેને તેનું કર્તાપણું કેમ છૂટે? અને અંતર્મુખ જ્ઞાનભાવમાં આવ્યો તેને વિકલ્પનું કર્તાપણું કેમ રહે?

ચૈતન્યના પ્રવાહમાં વચ્ચે વિકલ્પનું કર્તૃત્વ રહેતું નથી. ને જે જીવ વિકલ્પના પ્રવાહમાં પરિણમી રહ્યો છે, તેનાથી જુદો પડીને નિર્વિકલ્પ ચૈતન્યપ્રવાહરૂપ થતો નથી તેને વિકલ્પ સાથે કર્તાકર્મબુદ્ધિરૂપ મિથ્યાત્વ છે.

અરે, ચૈતન્યના આનંદની અનુભૂતિ શું છે –તે વિકલ્પમાં આવતી નથી. 'ધર્માત્માને અનુભવમાં આનંદનો બગીચો ખીલ્યો છે......સિદ્ધ ભગવાન જેવું મોક્ષનું સુખ ધર્મીના અનુભવમાં અંશે આવી જાય છે. અવિનશ્વરપુર એવું જે ચૈતન્યધામ, તેમાં ખીલેલા આનંદના બગીચામાં ધર્મીજીવ કેલિ કરે છે.'

વિચારદશા વખતે જ્ઞાનીને જ્ઞાન અને વિકલ્પ બંને જાુદું જાુદું કાર્ય કરે છે, તે વખતેય બંને એક થઈને કામ કરતા નથી. 'નિર્વિકલ્પતા વખતે જ જ્ઞાનીને જ્ઞાન અને વિકલ્પ જાુદા છે ને સવિકલ્પદશા વખતે તેનું જ્ઞાન વિકલ્પથી જાુદું નથી' –એમ નથી. અનુભવપૂર્વક રાગથી ભિન્ન જ્ઞાન પરિણમ્યું તે પછી સાધકદશામાં સદાય (નિર્વિકલ્પ કે

સવિકલ્પ ગમે તે દશા વખતે પણ ) જુદું જ પરિણમે છે. જ્ઞાન કદી પણ વિકલ્પના કર્તાપણે પરિણમતું નથી. એવા અકર્તા જ્ઞાનને ઓળખે તો જ જ્ઞાનીની ખરી ઓળખાણ થાય છે, ને પોતાનેય તેવું જ્ઞાન પ્રગટે છે.

સ્વસન્મુખ વિચાર તે જ્ઞાન છે, તે વિકલ્પ નથી, –એમ ગતાંકમાં ( અંક ૨૯૦ માં ) આવેલ તે સંબંધી અહીં વિશેષ સ્પષ્ટીકરણ છે. સાધકને વિચારદશા વખતે 'જ્ઞાન' અને 'વિકલ્પ' બંને એક સાથે વર્તે છે, પણ ત્યાં જ્ઞાની તો જ્ઞાનરૂપે જ પોતાને જાણે છે, ને વિકલ્પરૂપે પોતાને જાણતા નથી, એટલે તેને વિકલ્પના કાળેય જ્ઞાનમાં વિકલ્પનું કર્તૃત્વ નથી; વિચારદશા વખતેય તેને જ્ઞાન અને વિકલ્પ બંને ભિન્ન ભિન્ન કાર્ય કરી રહ્યા છે; તે વખતેય બંને એક થઈને કાર્ય કરતા નથી. –જ્ઞાનીની આ વાત ખાસ સમજવાની છે. 'નિર્વિકલ્પતા વખતે તો જ્ઞાનીનું જ્ઞાન વિકલ્પથી જુદું જ છે, ને સવિકલ્પતા વખતે પણ જ્ઞાનીનું જ્ઞાન વિકલ્પથી જુદું જ છે–એ વાત લક્ષમાં લેવા જેવી છે. નિર્વિકલ્પઅનુભવપૂર્વક રાગથી ભિન્ન જ્ઞાન પરિણમ્યું તે પછી સાધકદશામાં ( સવિકલ્પદશા વખતે પણ ) સદાય જુદું જ પરિણમે છે. તે જ્ઞાન કદી પણ વિકલ્પના કર્તાપણે પરિણમતું નથી. આવા અકર્તા જ્ઞાનને ઓળખે તો જ જ્ઞાનીની ખરી ઓળખાણ થાય છે, ને પોતાનેય તેવું જ્ઞાન પ્રગટે છે.

સાધકદશાઅનુસાર, જ્ઞાન અને વિકલ્પના કાર્યની ભિન્નતા દરેક ભૂમિકામાં સમજી લેવી.

જ્ઞાનનો અનુભવનશીલ એટલે કે સમ્યગ્દષ્ટિ જીવ, તેના જ્ઞાનમાં વિકલ્પરૂપ પરિણમન નથી એટલે તે વિકલ્પનો કર્તા નથી. મિથ્યાદૃષ્ટિને વિકલ્પથી ભિન્ન જ્ઞાનનો અનુભવ નથી એટલે વિકલ્પને જ અનુભવતો થકો તે તેનો કર્તા થાય છે. જેવા પરિણામરૂપે જે પરિણમે તે પરિણામનો તેને કર્તા કહેવાય છે. જ્ઞાનપરિણામે પરિણમતો જ્ઞાની જ્ઞાનનો જ કર્તા છે, ને વિકલ્પપણે પરિણમતો અજ્ઞાની વિકલ્પને જ કરવામાં ઊભો છે. આત્માને જેવા સ્વરૂપે જાણે છે તેવા જ સ્વરૂપે પોતે પરિણમે છે. આત્માને જેણે અશુદ્ધ જ (વિકલ્પરૂપ–રાગરૂપ) જાણ્યો તો તે શુદ્ધપરિણામને ક્યાંથી કરશે? તે અશુદ્ધપરિણામનો જ કર્તા થઈને તેવો પોતાને અનુભવશે. ને જેણે પોતાના આત્માને શુદ્ધ આનંદઝરતો જ્ઞાનમય જાણ્યો તે અશુદ્ધતાનો કર્તા કેમ થશે? તે તો જ્ઞાન–આનંદરૂપે પરિણમતો થકો તેનો કર્તા થઈને તેવો જ પોતાને અનુભવશે. જે જેનો કર્તા થઈને પરિણમે તેનો જ તેને અનુભવ થાય. રાગનો કર્તા થાય તેને નિર્વિકલ્પ–આનંદનો અનુભવ થાય નહીં.

## સ્વભાવની સન્મુખતામાં રાગાદિનું કર્તૃત્વ રહેતું નથી.
## સ્વભાવથી વિમુખપરિણામમાં જ રાગાદિનું કર્તૃત્વ છે.

એ રીતે સમ્યગ્દ્રષ્ટિ અને મિથ્યાદ્રષ્ટિ એ બંનેના પરિણામમાં ઘણો તફાવત છે, તદ્દન જાત જ જાુદી છે. એક જ્ઞાન, એક વિકલ્પ, બંનેની જાત સાવ જાુદી છે. જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકાર ન રહે, તેમ આત્મામાં સમ્યક્ત્વરૂપ જ્ઞાનપ્રકાશ થતાં તેમાં વિકલ્પનું કર્તૃત્વ રહેતું નથી. અરે, જ્ઞાનીથી વિરુદ્ધભાવનું કર્તૃત્વ જ્ઞાનમાં કેમ શોભે? જ્ઞાન વિકલ્પરૂપે થતું નથી, છતાં અજ્ઞાની જ્ઞાનમાં વિકલ્પનું કર્તૃત્વ માને છે, તે કર્તૃત્વ આત્માને શોભતું નથી, જ્ઞાનનો આદર ન કરતાં વિકલ્પનો આદર કરે તેમાં શોભા નથી, અશોભા છે-મિથ્યાત્વ છે.

શરીરના કર્તૃત્વની તો વાત જ કયાં રહી? પણ જ્ઞાનમાં રાગનું કર્તૃત્વ માને તે ખરેખર જૈન નથી. જે જ્ઞાયકપણે આત્માને અનુભવે છે એટલે શુદ્ધતારૂપે પરિણમે છે તે ખરો જૈન છે; તે જ જિનના માર્ગમાં આવ્યો છે એટલે મોક્ષના માર્ગમાં આવ્યો છે.

તે મોક્ષમાર્ગી જીવ શું કરે છે? -કે પોતાના જ્ઞાન-આનંદરૂપ પરિણામને કરે છે, -તેરૂપે પરિણમે છે; રાગાદિને પોતાના જ્ઞાનપરિણામથી ભિન્ન જાણે છે- 'जो जानै सो जाननहारा' જાણનાર તે જાણનાર જ રહે છે, જ્ઞાની જ્ઞાનભાવપણે જ પરિણમે છે,

જ્ઞાનથી ભિન્ન વિકલ્પોમાં કદી તન્મયરૂપ પરિણમતા નથી, તેને કરતા નથી. અહો, જ્ઞાન અને વિકલ્પની ભિન્નતાની અદ્ભુત વાત! -તેને પોતાની જાણીને પ્રેમથી સાંભળ તો ખરો. આવું મારું સ્વરૂપ છે-એમ લક્ષમાં તો લે. -એ લક્ષમાં લેતાં અંદર રસ્તો થઈ જશે.

ચૈતન્યનું લોહચૂંબક લગાડતાં જે પરિણામ આત્મામાં ખેંચાઈ આવે તે આત્માના ખરા (શુદ્ધ) પરિણામ છે, તે પરિણામ જ્ઞાન-આનંદની પુષ્ટિરૂપ છે. જે પરિણામ અંદર ખેંચાઈ ન આવે ને બહાર રહે તે રાગાદિ અશુદ્ધપરિણામો ખરેખર આત્માના નથી.

સવિકલ્પદશાના કાળે પણ જ્ઞાનીને જ્ઞાનમય ભાવ વર્તે છે, વિકલ્પથી જાુદું જ્ઞાન વર્તે છે. ઓછી શુદ્ધતા હો, વધુ શુદ્ધતા હો ને પૂરી શુદ્ધતા થાય, તે શુદ્ધતાનો જે ભાવ છે તે રાગથી જુદો જ છે; તે શુદ્ધતા જ મોક્ષનો માર્ગ છે. સ્વવસ્તુના આશ્રયે શુદ્ધતા છે; સ્વવસ્તુના અનુભવ વગર શુદ્ધતા થાય નહિ. આમ બંનેને ભિન્ન જાણે ત્યારે સાચો અનુભવ થાય ને મોક્ષમાર્ગ પ્રગટે.-

**અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ**
**અનુભવ મારગ મોક્ષકા, અનુભવ મોક્ષસ્વરૂપ.**

(સ. કળશ ૬૫-૯૬)

# જ્ઞાન થયું ત્યારે.......

એક તરફ પુણ્ય પાપના સમસ્ત પરભાવો, અને બીજી તરફ જ્ઞાનસ્વભાવ, એ બંનેની ભિન્નતા જાણીને ભેદજ્ઞાન કર્યું ત્યાં શુદ્ધસ્વરૂપને પ્રકાશિત કરતું જ્ઞાન પ્રગટયું; તે જ્ઞાન કેવું છે? કે અતીન્દ્રિય સુખપ્રવાહની સાથે પરિણમી રહ્યું છે. અહા, અતીન્દ્રિય સુખનો પ્રવાહ જ્ઞાનીના આત્મામાં વહે છે.....તે આત્મા પોતે અતીન્દ્રિય સુખપ્રવાહરૂપે પરિણમે છે.

જુઓ, આ આત્મામાં સુખનો પ્રવાહ પ્રગટ કરવાની રીત! બાકી તો દુનિયા આખી દુઃખમાં ધ્રુજી રહી છે. હમણાં જ ધરતીકંપનો ધ્રૂજારો જોયોને! પણ ભાઈ, તારો આત્મા અધ્રુવ એવા પરભાવોમાં અનાદિથી ધ્રૂજી રહ્યો છે; તેને નિજસ્વરૂપમાં સ્થિર કર. –સ્વરૂપમાં સ્થિરતા વડે જ નિર્ભયતા ને શાંતિ પ્રગટે છે. ધરતીકંપમાં લોકો કેવા ભયભીત ને અશાંત થઈ ગયા? પણ અંદર મોહની અસ્થિરતામાં જ્ઞાન આકુળતાથી કંપી રહ્યું છે તે દુઃખનો ભય અજ્ઞાનીને દેખાતો નથી; એટલે તે ભયથી ને અશાંતિથી છૂટવાનો ઉપાય તે કરતો નથી.

જીવ જ્યારે ધર્મી થાય છે ત્યારે પોતાના સ્વભાવના સાધનથી જ તેને સુખનો અનુભવ થાય છે. તે સુખને માટે તેને શુભવિકલ્પોની કે પુણ્યસામગ્રીની જરૂર નથી. પુણ્યને સાધન બનાવ્યા વગર પોતે પોતાના જ્ઞાનથી જ પરમ સુખરૂપે પરિણમે છે.

પુણ્ય–પાપના કર્તૃત્વમાં રોકાયેલો આત્મા નિરંતર દુઃખી હતો; હવે પુણ્ય–પાપરહિત અતીન્દ્રિયજ્ઞાનરૂપ શુદ્ધદશામાં પરિણમતો આત્મા નિરંતર સુખી છે. તેના સુખમાં રાગની અપેક્ષા નથી, અન્ય વસ્તુની અપેક્ષા નથી, કોઇ ક્ષેત્રની કે કાળની અપેક્ષા નથી; નિરપેક્ષ સ્વાધીનસુખ છે.

આવા સ્વાધીન જ્ઞાન–સુખરૂપે પરિણમતો જ્ઞાની રાગાદિ ક્રિયાને કે દેહની ક્રિયાને કરતો નથી; તે હો ભલે, પણ તેનાથી ભિન્ન જ્ઞાનરૂપે પરિણમતો જ્ઞાની તેને કરતો નથી, તેને તે મોક્ષનું સાધન સમજતો નથી. આવું જ્ઞાન તે જ્ઞાનીનું કાર્ય છે, તે જ્ઞાનીનું ચિહ્ન છે. તે જ્ઞાની પોતાના જ્ઞાનસ્વરૂપમાં સદા અકંપ વર્તે છે.

જાગૃત થઇને આત્માને જગાડયો ત્યાં જુદી જાતની દશા થઈ જાય. તેને

પોતાના સામર્થ્ય વડે શુદ્ધસ્વરૂપનો પ્રકાશ થયો.....પરભાવોમાં જ્ઞાન ઊંઘતું તે હવે જાગીને પરભાવોથી જુદું પડયું ને આનંદના પ્રવાહ સાથે પરિણમવા લાગ્યું.

જ્ઞાનનું પરિણમન તેને કહેવાય કે જે જ્ઞાનસ્વભાવરૂપ હોય. શુભાશુભવિકલ્પો તે જ્ઞાનનું પરિણમન નથી. વિકલ્પ વખતેય ધર્મીનું જ્ઞાન તો જ્ઞાનરૂપે જ પરિણમી રહ્યું છે; તે શુદ્ધપરિણમન છે, ને તેટલો જ મોક્ષઉપાય છે. એના સિવાય જે કોઈ શુભ–અશુભ ચારિત્રરૂપ વિકલ્પો છે તે નિજસ્વભાવરૂપ નથી એટલે તે મોક્ષ ઉપાય નથી; તે તો બંધનું સાધન જ છે.

શુભઆચરણને ચારિત્ર કહેવું તે કેવું છે? –કે કામળાના સિંહ જેવું.

**જેમ કામળામાં ચિતરેલો સિંહ તે ખરો સિંહ નથી,**

**તેમ શુભરાગરૂપ ચારિત્ર તે ખરૂં ચારિત્ર નથી.**

જેમ કામળામાં ચિતરેલો સિંહ કોઈને મારતો નથી, તેમ શુભરાગરૂપ ચારિત્ર કોઈને તારતું નથી. શુદ્ધતારૂપ જે આચરણ છે તે જ ખરો મોક્ષમાર્ગ છે.

અહા, ક્ષણભર પરભાવથી જુદો પડતાં જે પરમ સુખ અનુભવાય છે તે જ્ઞાની જ જાણે છે.....તો સર્વથા પરભાવના અભાવથી જે પૂર્ણ સુખ થાય–તેની શી વાત! ચૈતન્યભગવાન પોતાના આનંદસમુદ્રમાં તરબોળ થાય છે. –જાણે આનંદનું નંદનવન ખીલ્યું! આનંદની ગૂફામાં ગરી ગયા ત્યાં બહારનું (પરભાવનું) વેદન રહેતું નથી.

જ્ઞાન થયું ત્યારે આવી આનંદદશા ખીલી.....ને મોક્ષની સાધના શરૂ થઈ.

(સ. કળશ ૧૧૧)

**વિદેહક્ષેત્રમાં વિદ્યમાન તીર્થંકરપણે બિરાજમાન શ્રી સીમંધરભગવાન, જેમની પાસે સો ઇન્દ્રો ભક્તિપૂર્વક આવીને શ્રવણ કરે, તે ભગવાન પાસે જઈને કુંદકુંદાચાર્યદેવ આ અદ્‌ભુત આત્મવૈભવ લાવ્યા છે; પોતે જાતે અનુભવીને ભરતક્ષેત્રના જીવોને આ ‘આત્મવૈભવ’ આપ્યો છે. –અદ્‌ભુત આનંદકારી વૈભવ બતાવીને તેમણે ઉપકાર કર્યો છે.**

# અરિહંતને ઓળખતાં આત્મા ઓળખાય

**સમયસારનું સાથીદાર એવું જે પ્રવચનસાર તેની ૮૦-૮૧-૮૨ મી ગાથામાં કુંદકુંદસ્વામીએ મોહક્ષયનો જે અમોઘ ઉપાય બતાવ્યો છે.....તે ગુરુદેવના હૃદયમાં કોતરાઈ ગયો છે. ગુરુદેવ જ્યારે પ્રવચનમાં એ ઉપાયના પુરુષાર્થનો ધોધમાર ઉપદેશ કરતા હોય ત્યારે શ્રોતાના અંતરમાં જાગતી ઊર્મિઓ વડે મોહ તૂટું-તૂટું થતો હોય છે.)**

જે જાણતો અર્હંતને ગુણ દ્રવ્ય ને પર્યયપણે,
તે જીવ જાણે આત્મને, તસુ મોહ પામે લય ખરે. ૮૦

જે ખરેખર દ્રવ્ય–ગુણ–પર્યાયપણે અર્હંતને જાણે છે તે પોતાના આત્માને જાણે જ છે, ને તેનો મોહ ક્ષય પામે છે. –આમ કહીને આચાર્યદેવે મોહક્ષયનો અફરમાર્ગ બતાવ્યો છે.

કોઈને એમ શંકા થાય કે અત્યારે તો અહીં અરિહંત નથી તો પછી અરિહંતને જાણવાની વાત કેમ કરી? તો તેનું સમાધાન કરે છેઃ ભાઇ! અહીં અરિહંતના ક્ષેત્રની વાત નથી પણ અરિહંતનું સ્વરૂપ જાણવાની વાત કરી છે; અરિહંતની અહીં જ સાક્ષાત્ હાજરી હોય તો જ તેમનું સ્વરૂપ જાણી શકાય, ને દૂર હોય તો ન જાણી શકાય–એવો કોઈ પ્રતિબંધ નથી. અમુક ક્ષેત્રમાં અત્યારે અર્હંત નથી પણ તેમનું હોવાપણું અન્યત્ર–મહાવિદેહક્ષેત્ર વગેરેમાં–તો અત્યારે પણ છે. અરિહંતપ્રભુ સામે સાક્ષાત્ બિરાજતા હોય ત્યારે પણ તેમનું સ્વરૂપ જ્ઞાનદ્વારા જ નક્કી થાય છે. ત્યાં અરિહંત તો આત્મા જ છે, તેમના દ્રવ્ય–ગુણ કે પર્યાય નજરે તો દેખાતા નથી છતાં જ્ઞાનદ્વારા તેમના સ્વરૂપનો નિર્ણય થઈ શકે છે, તો પછી તેઓ ક્ષેત્રે જરાક દૂર હોય ત્યારે પણ જ્ઞાનદ્વારા તેમનો નિર્ણય અવશ્ય થઈ શકે છે. સાક્ષાત્ બિરાજતા હોય ત્યારે પણ આંખથી (ઇન્દ્રિયજ્ઞાનથી) તો અરિહંતનું શરીર દેખાય છે, શું શરીર તે અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાય છે? કે શું દિવ્યવાણી તે અરિહંતના દ્રવ્ય–ગુણ–પર્યાય છે? ના, એ બધું તો આત્માથી જુદું છે. ચૈતન્યસ્વરૂપ આત્મા દ્રવ્ય, તેના જ્ઞાન–દર્શનાદિ ગુણો અને તેની કેવળજ્ઞાનાદિ પર્યાય તે અરિહંત છે, તે દ્રવ્ય–ગુણ–પર્યાયને યથાર્થપણે ઓળખે તો અરિહંતનું સ્વરૂપ જાણ્યું કહેવાય. સાક્ષાત્ અરિહંત

પ્રભુની સામે બેસીને સ્તવન કરે પરંતુ તેમના દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ ન સમજે તો તેણે અરિહંતની પરમાર્થસ્તુતિ કરી નથી.

ક્ષેત્રથી નજીક અરિહંતની હાજરી હોય કે ન પણ હોય તેની સાથે સંબંધ નથી પણ પોતાના જ્ઞાનમાં તેમના સ્વરૂપનો નિર્ણય છે કે નહિ તેની સાથે સંબંધ છે. ક્ષેત્રથી નજીક અરિહંતપ્રભુ બિરાજતા હોય પરંતુ તે વખતે જો જ્ઞાન વડે પોતે તેમના સ્વરૂપનો નિર્ણય ન કરે તો તે જીવને આત્મા જણાય નહિ અને તેના માટે તો અરિહંત ઘણા દૂર છે, અને અત્યારે ક્ષેત્રથી નજીક અરિહંતપ્રભુ ન હોવા છતાં પણ જો પોતાના જ્ઞાનવડે અત્યારે પણ અરિહંતપ્રભુના સ્વરૂપનો નિર્ણય કરે તો આત્માની ઓળખાણ થાય અને તેના માટે અરિહંતપ્રભુ નજીક હાજરાહજુર છે, એના અંતરમાં જ અરિહંતદેવ બિરાજે છે. ક્ષેત્ર અપેક્ષાએ વાત નથી પણ ભાવ અપેક્ષાએ વાત છે. સાચી સમજણનો સંબંધ તો ભાવ સાથે છે.

અરિહંત કયારે છે અને કયારે નથી–તે કહ્યું. મહાવિદેહક્ષેત્રમાં અથવા તો ભરતક્ષેત્રમાં ચોથા કાળે સાક્ષાત્ અરિહંત વખતે પણ જે આત્માઓએ દ્રવ્ય–ગુણ–પર્યાયપણે અરિહંતના સ્વરૂપનો ખરો નિર્ણય પોતાના જ્ઞાનમાં ન કર્યો તે જીવોના જ્ઞાનમાં તો તે વખતે પણ અરિહંતની હાજરી નથી, અને ભરતક્ષેત્રમાં પંચમકાળે સાક્ષાત્ અરિહંતની ગેરહાજરીમાં પણ જે આત્માઓએ દ્રવ્ય–ગુણ–પર્યાયપણે અરિહંતના સ્વરૂપનો ખરો નિર્ણય પોતાના જ્ઞાનમાં કર્યો તેઓને માટે તો અરિહંતપ્રભુ સાક્ષાત્ મોજૂદ બિરાજે છે.

સમવસરણમાં પણ જે જીવો અરિહંતના સ્વરૂપનો નિર્ણય કરીને આત્મસ્વરૂપ સમજ્યા તે જીવોને માટે જ અરિહંતપ્રભુ મોહક્ષયના નિમિત્ત કહેવાયા, પણ જેઓએ નિર્ણય ન કર્યો તેમને માટે તો સાક્ષાત્ અરિહંતપ્રભુ પણ ધર્મના નિમિત્ત કહેવાયા નહીં. અત્યારે પણ જે અરિહંતનો નિર્ણય કરીને આત્મસ્વરૂપ સમજે તેને જ્ઞાનમાં અરિહંતપ્રભુ નિમિત્ત કહેવાય છે.

જેની દ્રષ્ટિ નિમિત્ત ઉપર છે તે ક્ષેત્રને જુએ છે કે અત્યારે આ ક્ષેત્રે અરિહંત નથી; ભાઈ, રે ! અરિહંત નથી પરંતુ અરિહંતને નક્કી કરનાર તારું જ્ઞાન તો છે ને ? એ જ્ઞાનને લંબાવ તો ભાવભેદ તૂટી જશે, ને ક્ષેત્રભેદ પણ નડશે નહિ. જેની દ્રષ્ટિ ઉપાદાન ઉપર છે તે પોતાના જ્ઞાનના જોરે અરિહંતનો નિર્ણય કરીને ક્ષેત્રભેદ કાઢી નાખે છે. અરિહંત તો નિમિત્ત છે, અંતર્મુખ થઈને તે અરિહંતનો નિર્ણય કરનાર

જ્ઞાનનો મહિમા છે. મૂળ સૂત્રમાં "जो जाणदि" એમ કહ્યું છે એટલે જાણનાર જ્ઞાન તે મોહક્ષયનું કારણ છે. પરંતુ અરિહંત તો જુદા છે, તેઓ આ આત્માનો મોહક્ષય કરતા નથી.

સમવસરણમાં બેસનાર જીવ પણ અરિહંતથી તો દૂરક્ષેત્રે જ બેસે છે એટલે ક્ષેત્રથી તો તેને પણ દૂર છે અને અહીં પણ ક્ષેત્રથી જરા વધારે દૂર છે, પરંતુ ક્ષેત્રથી ફેર પડયો એટલે શું? જેણે ભાવમાં અરિહંતને નજીક કર્યા તેને સદાય નજીક બિરાજે છે અને જેણે ભાવમાં અરિહંતને દૂર કર્યા તેને દૂર છે. ક્ષેત્રે નજીક હો કે ન હો તેથી શું? ભાવ સાથે મેળ કરીને નજીકપણું કરવું છે. અહો! અરિહંતના વિરહ ભૂલાવી દીધા; કોણ કહે છે કે અત્યારે અરિહંતપ્રભુ નથી?

આ પંચમઆરાના મુનિનું કથન છે, પંચમકાળે આ થઇ શકે છે. જે કોઇ જીવ પોતાના જ્ઞાન વડે અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયને જાણે તેનો દર્શનમોહ નાશ થાય છે.


## "જયપુર (ખાનિયા) તત્ત્વચર્ચા" (હિંદી)

સરદારશહેરનિવાસી સદ્ધર્મપ્રેમી ભાઈશ્રી દીપચંદજી શેઠિયા તથા તેમના પરિવાર આદિ તરફથી જયપુર તત્ત્વચર્ચા ભાગ ૧ અને ૨ વિના મૂલ્યે, વિનંતિ-પત્ર મળ્યેથી ભેટસ્વરૂપે ભારતભરના શ્રી દિગંબર જૈન મંદિર, શ્રી દિગંબર જૈન મુમુક્ષુ મંડળો અથવા દિગંબર જૈન સંસ્થાને નીચેના સરનામે પત્ર લખવાથી મળી શકશે. પોસ્ટેજ-પેકીંગના ખર્ચનું વી. પી. રૂા. ૨-૮૦ નું કરવામાં આવશે. દરેકને માત્ર એક જ સેટ (ભાગ-૧ તથા ભાગ-૨) આપવામાં આવશે. સ્ટોકમાં હશે ત્યાં સુધી જ આપવામાં આવશે.

પત્રવ્યવહારનું સરનામું-
શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ.
સોનગઢ (સૌરાષ્ટ્ર)

## શાસ્ત્રમાળાના ૧૦૮ પુષ્પોનો પરિચય– ( અનુસંધાન પૃ. ૬ થી ચાલુ )

( ૨૬ ) **આત્મસિદ્ધિ-પ્રવચનો:** શ્રીમદ્રાજચંદ્રપ્રણીત 'આત્મસિદ્ધિ' ઉપર પૂ. ગુરુદેવે રાજકોટમાં સં. ૧૯૯૫ માં જે પ્રવચનો કરેલા તે આ પુસ્તકમાં છપાયા છે. ગુરુદેવના પ્રવચનોનું સૌથી પહેલું આ પુસ્તક બહાર પડયું. ( સં. ૧૯૯૯માં ) અને તેની બે આવૃત્તિ ઘણી ઝડપથી ખલાસ થઈ ગઈ. સુગમ શૈલી હોવાથી પ્રાથમિક જિજ્ઞાસુઓને ઉપયોગી છે. કિંમત ૪–૦૦

( ૨૭ ) **સામાયિક:** શ્રાવક હંમેશાં નિવૃત્તિથી શાંતચિત્તપૂર્વક અમુક સમય સુધી આત્મ–ચિન્તનના અભ્યાસરૂપ સામાયિક કરે છે. તે વખતે કોઈ અમુક જ પાઠ બોલવો એવો કોઈ નિયમ નથી. પણ જે પ્રકારે પરિણામ આત્મચિંતનમાં સ્થિર રહે તે હેતુ છે. અમિતગતિ સ્વામી રચિત સામાયિકપાઠ ( અર્થ સહિત ) આ પુસ્તકમાં છે, તેમાં સામાયિકનું સાચું સ્વરૂપ શું છે તે પણ સ્પષ્ટ કરવામાં આવ્યું છે. સ્વાધ્યાય માટે પણ ઉપયોગી છે. કિંમત ૦–૩૫

( ૨૮ ) **મોક્ષમાર્ગ પ્રકાશકનાં કિરણો:** પૂ. ગુરુદેવના પ્રવચનોમાંથી સારભૂત ન્યાયોનો સંગ્રહ સુંદર ઢંગથી કરવામાં આવ્યો છે. સૌને માટે ઉપયોગી છે. ( અપ્રાપ્ત )

( ૨૯ ) **યોગસાર ( દોહરા )** યોગીન્દુસ્વામી રચિત યોગસારના ગુજરાતી દોહા. સરળ શૈલીમાં અધ્યાત્મભાવો ભરેલા છે. –સ્વાધ્યાય માટે સૌને ઉપયોગી છે. કિં. ૦–૧૫

( ૩૦ ) **પંચમેરુ-નંદીશ્વરપૂજા ( હિંદીમાં )** અષ્ટાહ્નિકા વગેરે પ્રસંગે પૂજા માટેનું પુસ્તક કિંમત ૧–૦૦

( ૩૧–૩૨ ) **પંચાધ્યાયી ભાગ ૧ તથા ૨:** તત્ત્વના અભ્યાસ માટેનું સુંદર પુસ્તક: ( અપ્રાપ્ત )

( ૩૩ ) **પ્રવચનસાર:** કુંદકુંદાચાર્યરચિત મૂળશાસ્ત્ર: સંસ્કૃત ટીકા સહિત ગુજરાતી અનુવાદ નવી આવૃત્તિ છપાય છે: ( જયસેનાચાર્યની સંસ્કૃત ટીકા સહિત ) થોડા વખતમાં તૈયાર થશે.

( ૩૪ ) **પ્રવચનસાર હરિગીત:** કિંમત ૦–૩૬

( ૩૫ ) **મૂળમાં ભૂલ:** ઉપાદાનનિમિત્તના સંવાદ ઉપર પ્રવચનો. ( અપ્રાપ્ત )

( ૩૬ ) **દશલક્ષણ ધર્મ:** પર્યુષણ દરમિયાન, પદ્મનંદી પચ્ચીસીમાંથી ઉત્તમક્ષમાદિ દશધર્મ ઉપર પૂ. ગુરુદેવના ખાસ પ્રવચનો, ઉત્તમક્ષમા વગેરે દશધર્મનું સ્વરૂપ બહુ જ સરસ રીતે વર્ણવ્યું છે. સૌને માટે ઉપયોગી છે. ઘણા જિજ્ઞાસુઓ દશલક્ષણી પર્વના દિવસમાં આ પુસ્તકનું વાંચન કરે છે. ગુજરાતી તેમજ હિંદીમાં અનેક આવૃત્તિ છપાયેલ છે. મુખપૃષ્ઠ ઉપર દશધર્મનું સુંદર ચિત્ર છે: ( અપ્રાપ્ત )

( ૩૭ ) **યોગસાર અને ઉપાદાન-નિમિત્તના દોહા:** કિંમત ૦–૧૨

( ૩૮ ) **જૈનસિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા:** તત્ત્વોના અભ્યાસ માટે ઉપયોગી પુસ્તક; જેમાં પ્રશ્નોત્તરરૂપે અનેક ચર્ચાઓનું સંકલન છે. અનેક આવૃત્તિ છપાયેલ છે. કિંમત ૧–૧૨ હિન્દી ભાગ ૧ કિં. ૦–૭૫ ભાગ ૨ કિં. ૦–૬૦ ભાગ ૩ કિં. ૦–૬૦

( ૩૯ ) **ભેદવિજ્ઞાનસાર:** સ. ગા. ૩૯૦ થી ૪૦૪ ઉપરનાં પ્રવચનો: સ્વ–પરનું ભેદજ્ઞાન અત્યંત સુગમ અને સચોટ શૈલીથી સમજાવે છે. પૂઠાં ઉપરનું રંગીનચિત્ર ભેદજ્ઞાનનૌકા વડે ભવસમુદ્રને તરવાની પ્રેરણા આપે છે. ( અપ્રાપ્ય )

( ૪૦ ) **મોક્ષમાર્ગ પ્રકાશક:** જયપુરના પં. શ્રી ટોડરમલ્લજી રચિત આ પુસ્તક જૈનસિદ્ધાંતનું રહસ્ય સમજવા માટે ખૂબ ઉપયોગી છે, સત્યનો નિર્ણય કરવા માટે કોઈ પણ જિજ્ઞાસુએ અભ્યાસ કરવા જેવું આ પુસ્તક છે. છેલ્લા દશકામાં આ પુસ્તક ઘણું જ પ્રસિદ્ધ બન્યું છે. છેલ્લી આવૃત્તિ મૂળ હસ્તલિખિત ( પં. ટોડરમલ્લજીના પોતાના હસ્તાક્ષરવાળી ) પ્રતિ સાથે મેળવીને તૈયાર થયેલ છે. કિં. ત્રણ રૂપિયા

( ૪૧ ) **સમ્યગ્દર્શન ( ભાગ-૧ )** સમ્યગ્દર્શનનું અપાર માહાત્મ્ય સમજાવીને તેના પુરુષાર્થની પ્રેરણા આપતું આ પુસ્તક બધા જિજ્ઞાસુઓને ખૂબ ઉપયોગી છે. પ્રવચનોમાંથી ને શાસ્ત્રોમાંથી સમ્યગ્દર્શનને જ લગતા ખાસ મહત્ત્વના લેખોનું આમાં સંકલન છે. સમ્યગ્દર્શન સંબંધી આવા દશ પુસ્તકોના સંકલનનું આયોજન છે. તેમાંથી ત્રણ પુસ્તકો પ્રગટ થયા છે. દરેક પુસ્તક સમ્યગ્દર્શનની વધુ ને વધુ સ્પષ્ટતા કરે છે. ભાગ ૧ સંશોધિત બીજી આવૃત્તિ ૦–૫૦ ભાગ ૨ ને ૩ ( અપ્રાપ્ય )

[ ૪૨ ] **दसलक्षणधर्म:** ( હિન્દી ) ( અપ્રાપ્ય )

( ૪૩ ) **જૈનબાળપોથી:** જૈનસમાજની કોઈપણ વ્યક્તિ હોંશથી વાંચે ને બાળકોમાં ધર્મરસનું સીંચન કરે એવું સુંદર સચિત્ર પુસ્તક, ગુજરાતી–હિન્દી–મરાઠીમાં જેની પંદર જેટલી આવૃત્તિ દ્વારા પોણોલાખ જેટલી નકલો છપાઈ ચૂકી છે. સર્વત્ર પ્રચાર કરવા યોગ્ય, પાઠશાળાનું પાઠયપુસ્તક કિંમત: પચીસ પૈસા

( ૪૪ ) **મોક્ષમાર્ગ પ્રકાશકનાં કિરણો:** ( હિન્દી ) ( અપ્રાપ્ય )

( ૪૫ ) **પ્રવચનસાર ગૂટકો:** ( અપ્રાપ્ય )

( ૪૬ ) **આલોચના:** પદ્મનંદી સ્વામીચરિત આલોચનાનો ગુજરાતી અનુવાદ: કિં. ૦–૧૩

( ૪૭ ) **ચિદ્‌વિલાસ:** પં. શ્રી દીપચંદજી કાશલીવાલ રચિત હિન્દીનો ગુજરાતી અનુવાદ : કિં. ૦–૭૫ ( હિન્દી – ૧–૫૦ )

( ૪૮ ) **સમયસાર પ્રવચન:** ( હિન્દી ) ભાગ ૧–૨–૩ અપ્રાપ્ત, ભાગ ૪ કિં: રૂા. ૪–૦૦

( ૪૯ ) **સમયસાર ગૂટકો:** ( અર્થસહિત મૂળગાથાઓ તથા ગુજરાતી હરિગીત ) કિં. : ૦–૭૫

( ૫૦ ) **जैन बालपोथी:** ( હિન્દી ) સૌને ઉપયોગી પુસ્તક ( જાુઓ નં. ૪૩ ) કિં: પચીસ પૈસા

( ૫૧ ) **પંચકલ્યાણક પ્રવચન:** સોનગઢ–રાજકોટ–વીંછીયા–લાઠીમાં કુલ પાંચવખતના પંચકલ્યાણકના ભાવભીનાં સંસ્મરણો; તથા તે વખતનાં પ્રવચનો; પંચકલ્યાણકને લગતા અનેક ચિત્રો સહિત સુંદર સંકલન દરેક જિજ્ઞાસુને ઉપયોગી: કિં: ૨–૨૫

( ૫૨ ) **જિનેન્દ્રસ્તવનમાળા:** કિં. : ૧–૧૨

( ૫૩ ) **અનેકાન્તનું રહસ્ય:** શ્રીમદ્‌રાજચંદ્રજીના જન્મધામ વવાણીયામાં પૂ. ગુરુદેવનું ખાસ પ્રવચન જે અનેકાન્તસંબંધી ભ્રમણાઓ દૂર કરે છે: ( અપ્રાપ્ત )

( ५४ ) **भेदविज्ञानसार:** ( હિન્દી ) ( અપ્રાપ્ત )

( ૫૫ ) **નિયમસાર પ્રવચનો:** ( ભાગ ૨ ) ( જુઓ નં. ૮ ) કિં. : ૧–૬૨

( ૫૬ ) **આત્મસિદ્ધિ ગૂટકો:** ( અર્થસહિત ગાથાઓ ) કિં. : ૦–૬૦

[ ५७ ] **सम्यग्दर्शन:** भाग १ [ हिन्दी ] ( જુઓ નં. ૪૧ ) અપ્રાપ્ત ( ભાગ ૨–૩ છપાયા નથી. )

( ૫૮ ) **નિયમસાર-ગુજરાતી:** કુંદકુંદાચાર્યદેવ રચિત મૂળશાસ્ત્ર: સંસ્કૃતટીકા સહિત ગુજરાતી અનુવાદ: ( અપ્રાપ્ત )

( ૫૯ ) **નિયમસાર ( હરિગીત )** અપ્રાપ્ત

( ૬૦ ) **समयसारप्रवचन:** [ भाग ३, हिन्दी ] અપ્રાપ્ત

( ૬૧ ) **સમયસાર:** કુંદકુંદાચાર્યદેવરચિત સર્વોચ્ચ શાસ્ત્ર–જે આજે જૈનસાહિત્યના મુગટમણિસમાન છે. સંસ્કૃતટીકા સહિત ગુજરાતી અનુવાદ: ( અપ્રાપ્ત ) નવી આવૃત્તિ છપાય છે. –જે દીવાળી લગભગમાં તૈયાર થવા સંભવ છે.

( ૬૨ ) **જિનેન્દ્રપૂજા પલ્લવ:** માનસ્તંભની પૂજા માટેનું પુસ્તક–કિં. : ૦–૫૦

( ૬૩ ) **સમયસાર-પ્રવચન:** ભાગ ૫ બંધઅધિકાર પ્રવચનો: ( જાુઓ નં. ૨ )

કિં. ત્રણ રૂપીયા.

( ૬૪ ) **લઘુ જૈનસિદ્ધાંત પ્રવેશીકા:** ( હિન્દી ) પાઠશાળા માટે ઉપયોગી: અનેક આવૃત્તિ છપાયેલ છે: કિં: ૦–૩૫

[ ६५ ] **मोक्षशास्त्र** [ टीकासंग्रह–हिन्दी ] ( **અપ્રાપ્ત** )

( ૬૬ ) **મોક્ષમાર્ગપ્રકાશકનાં કિરણો:** ( ભાગ ૨ ) કિં–૨–૦

[ ६७ ] **ज्ञानस्वभाव और ज्ञेयस्वभाव:** જ્ઞાન અને જ્ઞેય બંનેનો વ્યવસ્થિત સ્વભાવ ( ક્રમબદ્ધ પર્યાય ) સમજાવીને સ્વસન્મુખતા કરાવતું પુસ્તક–જેમાં પૂ. ગુરુદેવના ખાસ ૧૩ પ્રવચનોનું સુંદર સંકલન છે. ( હિંદીમાં ) ( અપ્રાપ્ત )

( ૬૮ ) **જૈનસિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા:** ( જુઓ નં ૩૮ ) કિં. ૧–૧૨.

( ૬૯ ) **જિનેન્દ્ર ભજનમાળા:** ( જુઓ નં. ૭ ) કિં. એક રૂપિયો.

( ૭૦ ) **तीर्थपूजा:** સમ્મેદશિખરજી વગેરે ભારતભરના પ્રસિદ્ધ તીર્થોના ટૂંકા પરિચય સહિત પૂજાઓનો સંગ્રહ. તીર્થયાત્રા વખતે સાથે રાખવું ઉપયોગી છે. ( હિંદીમાં ) ( અપ્રાપ્ત )

[ ७१ ] मोक्षमार्ग प्रकाशककी किरणें: [ हिंदी भाग २ ] [ अप्राप्त ]

( ૭૨ ) **અપૂર્વ અવસર ઉપર પ્રવચનો:** મુનિદશાના મહિમાનું તથા ભાવનાનું પુસ્તક કિં. ૦–૫૦

( ૭૩ ) **પંચાસ્તિકાય-સંગ્રહ:** કુંદકુંદાચાર્ય દેવરચિત મૂળશાસ્ત્ર, સંસ્કૃત ટીકાસહિત ગુજરાતી અનુવાદ : કિં. ૩–૦૦

( ૭૪ ) **પંચાસ્તિકાય-હરિગીત:** કિં. ૦–૩૧

( ૭૫ ) **જિનેન્દ્રપૂજન સંગ્રહ:** ( અપ્રાપ્ત )

( ૭૬ ) **લઘુ જિનેન્દ્ર પૂજા પાઠ:** ( પૂજન માટેની નાની પુસ્તિકા ) : કિં. ૦–૧૩

( ૭૭ ) **સમ્યગ્દર્શન ( ભાગ બીજો )** ( જુઓ નં. ૪૧ ) ( અપ્રાપ્ત )

( ૭૮ ) **આત્મપ્રસિદ્ધિ:** ૪૭ શક્તિ ઉપરનાં ભાવભીનાં પ્રવચનો. કિં. ૩–૭૫

[ ७९ ] **समयसार-प्रवचन** [ भाग १ हिंदी ] [ अप्राप्त ]

( ૮૦ ) **લઘુ જૈનસિદ્ધાંત પ્રવેશિકા:** બાળકોને તત્ત્વના અભ્યાસ માટે ઉપયોગી કિં. ૦–૩૫

[ ८१ ] **समयसार-पद्यानुवाद** [ हिन्दी ] કિં. ૦–૨૫

[ ८२ ] **अनुभवप्रकाश** [ हिन्दी ] ( **જુઓ નં. ૧૫** ) કિં. ૦–૩૫

[ ८३ ] **समयसार-प्रवचन** [ भाग ४ हिन्दी ] ( **પરિચય માટે જુઓ નં. ૨** ) કિં. ૪–૦૦

[ ८४ ] **दसलक्षणधर्म-पूजन विधान:** પર્યુષણમાં પૂજા માટેનું પુસ્તક ( અપ્રાપ્ત )

[ ૮૫ ] **छहढाला** ( મૂળ ) સ્વાધ્યાય માટે ઉપયોગી : કિં. ૧૫ પૈસા

[ ૮૬ ] **समयसार [ हिन्दी ]** મૂળ સંસ્કૃત ટીકા સહિત હિંદી અનુવાદ : કિં. પાંચ રૂપીયા.

[ ૮૭ ] **प्रवचनसार [ हिन्दी ]** મૂળ સંસ્કૃત ટીકા સહિત હિન્દી અનુવાદ કિં. ચાર રૂપિયા

( ૮૮ ) **મંગલ તીર્થયાત્રા:** પૂ. શ્રી કાનજીસ્વામીએ સં. ૨૦૧૩માં સમ્મેદશિખરજી વગેરે પચાસ જેટલા પ્રસિદ્ધ તીર્થોની સંઘસહિત યાત્રા કરી તેના આનંદભર્યા સંસ્મરણો. તેમાં તીર્થયાત્રાનું એવું રોમાંચક વર્ણન છે કે વાંચતાં વાંચતાં તીર્થયાત્રા કરતા હોઈએ તેવા આહ્લાદ થાય છે. બસો જેટલા તીર્થયાત્રાનાં દ્રશ્યો છે. ઠેર ઠેર તીર્થ મહિમા સંબંધી ગુરુદેવના ઉદ્‌ગારો છે. કિં. છ રૂપીયા.

( ૮૯ ) **छहढाला** ( મરાઠી આવૃત્તિ ) કારંજા પ્રકાશીત

( ૯૦ ) **जैन बालपोथी [ मराठी आवृत्ति ]** કારંજાથી પ્રકાશીત

( ૯૧ ) **द्रव्यसंग्रह [ हिन्दी नवी आवृत्ति ]** ( જુઓ નં. ૨૦ ) કિં. ૦–૮૫

( ૯૨ ) **योगसार व उपादान-निमित्त दोहा [ हिन्दी आवृत्ति ]** ( અપ્રાપ્ય )

( ૯૩ ) **समयसार कलशटीका:** સમયસાર ટીકામાં અમૃતચંદ્રાચાર્યદેવે રચેલા કલશની હિંદીટીકા પં. શ્રી રાજમલ્લજીએ લખેલ છે. સુંદર અધ્યાત્મરસપૂર્ણ પુસ્તક છે. ગુરુદેવના પ્રવચનમાં વંચાય છે. કિંમતઃ ૨–૭૫ ( ગુજરાતી : કિંઃ ૨–૫૦ )

( ૯૪ ) **पंचास्तिकाय: संग्रह: [ हिन्दी ]** મૂળ સંસ્કૃતટીકા સહિત હિન્દી અનુવાદ કિં. ૩–૫૦

( ૯૫ ) **छहढाला [ हिन्दी-सचित्र ]** ( જાુઓ નં. ૪ ) કિં. એક રૂપીઓ.

( ૯૬ ) **પુરુષાર્થ સિદ્ધિઉપાયઃ** શ્રી અમૃતચંદ્રાચાર્ય વિરચિત, જેમાં શ્રાવકના સમ્યગ્દર્શનાદિ ધર્મોનું વર્ણન છે.....ગુજરાતી અનુવાદ : કિં. ૨–૦૦

( ૯૭ ) **नियमसार [ हिन्दी ]** મૂળ સંસ્કૃત ટીકા સહિત હિન્દી અનુવાદઃ કિં. ચાર રૂપીઆ

( ૯૮ ) **અધ્યાત્મ સન્દેશઃ** ત્રણ ચિઠ્ઠી ( બનારસીદાસજીની બે તથા ટોડરમલ્લજીની એક ) તેના ઉપર અધ્યાત્મભાવોથી ભરપૂર પ્રવચનોઃ સમ્યગ્દર્શન સંબંધી અને સ્વાનુભવ સંબંધી ઘણું સરસ વર્ણન છે...દરેક જિજ્ઞાસુને અંતરંગ અભ્યાસ માટે ખાસ ઉપયોગનું છે. ગુજરાતીમાં ( અપ્રાપ્ય ) હિન્દીમાં માત્ર ટોડરમલ્લજીની એક ચિઠ્ઠિ ઉપરનાં પ્રવચનોઃ કિં. ૧–૫૦

( ૯૯ ) **मोक्षमार्ग प्रकाशक:** જયપુરના શાસ્ત્રભંડારમાં પં. ટોડરમલ્લજીની પોતાની હસ્તલિખિત પ્રતિને અનુસાર તૈયાર કરવામાં આવેલ આધુનિક હિંદી આવૃત્તિ : કિં. બે રૂપીઆ ( ગુજરાતી કિંમત ત્રણ રૂપીઆ )

( ૧૦૦ ) **સમાધિતંત્રઃ** પૂજ્યપાદસ્વામી રચિત ભેદજ્ઞાનની ભાવનાનો ખાસ ગ્રંથ, અત્યંત સુબોધ શૈલીમાં છે, તેનું ગુજરાતી ભાષાંતર : કિં. બે રૂપીઆ

( ૧૦૧ ) **શાસ્ત્રસ્વાધ્યાયઃ** સ્વાધ્યાય માટેનું પુસ્તક-જેમાં સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, યોગસાર ઉપાદાનનિમિત્તના દોહા તથા છહ્‌ઢાળા છેઃ ( અપ્રાપ્ય )

( ૧૦૨ ) **મોક્ષમાર્ગ પ્રકાશકનો સાતમો અધ્યાય**-જેમાં જૈનમતાનુયાયી મિથ્યાદ્રષ્ટિનું સ્વરૂપ સમજાવ્યું છે, ને નિશ્ચય-વ્યવહાર વગેરેનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યું છે તે જિજ્ઞાસુઓને વિશેષ ઉપયોગી હોવાથી અલગ છપાયેલ છેઃ ( હિન્દીમાં )

( ૧૦૩ ) **नियमसार हरिगीत** ( હિન્દી ) કિં. ૦-૨૫

( ૧૦૪ ) **સમાધિતંત્ર ( દોહા ) સ્વાધ્યાય માટે ઉપયોગીઃ** કિં. ૦-૧૫

( ૧૦૫ ) **શ્રાવકધર્મપ્રકાશઃ** પદ્મનંદી પચીસીના દેશવ્રતઉદ્યોતન અધિકાર ઉપર સુંદર પ્રવચનો - જે ભાવભીની શૈલીથી શ્રાવકનું કર્તવ્ય સમજાવે છે, ને દેવ-ગુરુ-ધર્મનું સ્વરૂપ સમજાવીને વિશેષ ભક્તિ જગાડે છે. સૌને સમજાય તેવી સુગમ શૈલીમાંઃ કિં. બે રૂપીઆ

( ૧૦૬ ) **સમયસાર-કળશ ટીકાઃ** ગુજરાતી અનુવાદ ( જુઓ નં. ૯૩ ) કિંમત. ૨-૫૦

( ૧૦૭ ) **અનુભવપ્રકાશ-પ્રવચનોઃ** સ્વાનુભવની પ્રેરણા આપનારાં પ્રવચનોઃ કિં. ૨-૫૦

( ૧૦૮ ) **'આત્મવૈભવ'** : ૪૭ શક્તિ ઉપરનાં ખાસ પ્રવચનો-જે આત્મવૈભવનો અદ્‌ભુત મહિમા સમજાવીને સ્વાનુભવ માટે આત્મામાં ઝણઝણાટ પેદા કરે છેઃ સુંદર પુસ્તકઃ કિંમત. ૩-૫૦

પુસ્તકો મંગાવવાનું સરનામુંઃ શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ ( સૌરાષ્ટ્ર )
આ ઉપરાંત 'આત્મધર્મ માસિક' -જેનું રજત જયંતિનું વર્ષ ચાલી રહ્યું છે ને જે આપના હાથમાં જ છે. તે પણ જરૂર મંગાવોઃ હિંદી લવાજમ ત્રણ રૂપિયાઃ ગુજરાતી-ચાર રૂપિયા.

**બાળકોને ઉપયોગી પુસ્તકોઃ ભગવાન મહાવીર ( ૦-૧૫ ), ભગવાન ઋષભદેવ ( લાગત ૧-૧-૧૦ ઘટાડેલી કિંઃ ૦-૬૦ ), આરાધના ૦-૨૦, બે સખી ૦-૫૦, દર્શનકથા ૦-૫૦.**

# ધરતીકંપ... તે વખતેય જ્ઞાની અકંપ

જ્ઞાની પોતાના જ્ઞાનમાં અચલ છે, ધરતીકંપ પણ તેને ચલાયમાન કરી શકતો નથી; ધરતીકંપમાં એવી તાકાત નથી કે જ્ઞાનીના જ્ઞાનને કંપાવે. જ્ઞાની પોતાના અસંખ્ય પ્રદેશમાં પોતાને સ્વયંસિદ્ધ અચલ જ્ઞાનરૂપ અનુભવે છે. તે જ્ઞાનમાં જ્ઞાનથી ભિન્ન બીજું કાંઈ થતું નથી, એટલે તેમાં અકસ્માતનો ભય નથી. વજ્રપાત થાય કે ધરતીકંપથી ધરતી ધણધણી ઊઠે તોપણ સમ્યગ્દ્રષ્ટિ જીવો નિઃશંક અને નિર્ભય વર્તતા થકા પોતાને અવધ્ય જ્ઞાનશરીરીપણે અનુભવે છે. મને ભયભીત કરીને મારા જ્ઞાનમાંથી ચલાયમાન કરી દ્યે એવું સામર્થ્ય જગતમાં કોઈ સંયોગમાં નથી. હું મને જ્ઞાનસ્વરૂપે જ અવલોકું છું; ધરતી ધ્રૂજે તેથી મારા જ્ઞાનમાં તીરાડ પડતી નથી. મારા જ્ઞાનની વેદનામાં બીજી કોઈ વેદના નથી; મારું જ્ઞાન સ્વયમેવ 'સત્' છે તે કદી નાશ પામતું નથી. મારું જ્ઞાન નિજસ્વરૂપમાં જ ગુપ્ત છે. ચૈતન્યપ્રાણવડે શાશ્વત જીવંત મારો આત્મા, તેને કદી મરણ થતું નથી; અને અનાદિઅનંત જ્ઞાનમાં વચ્ચે બીજો કોઈ અકસ્માત થતો નથી–કે જે જ્ઞાનને અન્યથા કરી નાંખે.

આવા જ્ઞાનસ્વરૂપે પોતાને અનુભવતા ધર્મીને ધરતીકંપનો ભય કેમ હોય? ધરતીના ધણધણાટ વખતેય એ તો પોતાના જ્ઞાનમાં અકંપ છે–અડોલ છે.

હમણાં માગશર સુદ ૧૦–૧૧ ના દિવસોમાં મહારાષ્ટ્રમાં મુંબઈ–કોયનાનગરી વગેરેમાં ધરતીકંપ થયો; કોયનાનગરીમાં તો બસો ઉપરાંત માણસો મૃત્યુ પામ્યા, હજારો ઘાયલ થયા, ને મોટાભાગના મકાનો જમીનદોસ્ત થઈ ગયા....કુદરતી ઘટનાથી મૃત્યુ પામેલા ને ઘવાયેલા એ માનવબંધુઓ પ્રત્યે આપણને વૈરાગ્યભીની હમદર્દી જરૂર જાગે છે. પરંતુ આ અધ્રુવ સંસારમાં આવા પ્રસંગો તો બન્યા જ કરવાના–એવું વસ્તુસ્વરૂપ લક્ષમાં હોવાથી જ સન્તોએ કહ્યું છે કે –એવો વજ્રપાત થાય કે જેના ભયથી ત્રણલોક ખળભળી ઊઠે–તોપણ હે ભવ્ય! તું તારા જ્ઞાનમાં અકંપ રહેજે.–તારા જ્ઞાનશરીરને કોઇ હણી શકે તેમ નથી. ત્રણલોક ખળભળી ઊઠે તોપણ ધર્મી પોતાના જ્ઞાનથી ચ્યુત થતા નથી. જ્ઞાની તો પોતાના અકંપ પરમજ્ઞાનસ્વભાવમાં સ્થિત છે. નિશંકપણે પોતાને સહજ જ્ઞાનપણે જ અનુભવતા તે શાશ્વતપુરી તરફ ચાલ્યા જાય છે.

કંપન એટલે અસ્થિરતા, અધ્રુવતા;

જેટલા રાગાદિ પરભાવો કે શરીરાદિ સંયોગો છે તે બધા અસ્થિર છે, અધ્રુવ છે.... તેને સ્થિર રાખવા માંગે તો રહી શકે નહિ. સ્થિર તો આત્માનો જ્ઞાનસ્વભાવ છે; તે સ્વભાવમાં ઉપયોગની સ્થિરતા તે શાંતિ છે –તેમાં નિર્ભયતા છે. ઉપયોગ બહારમાં જઈને રાગાદિમાં ભમતાં અસ્થિર થઈને કંપે છે, તેમાં અશાંતિ છે, થાક છે. દુનિયા ભલે ડોલે, સિદ્ધો કદી કંપતા નથી...... સંસારનું તો સ્વરૂપ જ કંપનવાળું છે તેમાં સ્થિરતા ક્યાંથી હોય? અકંપ તો નિજસ્વરૂપમાં જામેલું જ્ઞાન છે.

## 卐 શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃત 卐

શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મશતાબ્દિ નિમિત્તે અપાતી લેખમાળામાં આ ચોથો લેખ છે. અનેક જિજ્ઞાસુઓ તરફથી પસંદ કરાયેલા વચનામૃતોમાંથી આ સંકલન કરવામાં આવે છે. (સં.)

(૨૪૧) પઠન કરવા કરતાં મનન કરવા ભણી બહુ લક્ષ આપજો.

(૨૪૨) તે વસ્તુના વિચારમાં પહોંચો કે જે વસ્તુ અતીન્દ્રિયસ્વરૂપ છે.

(૨૪૩) જ્ઞાનચર્ચા અને વિદ્યાવિલાસમાં તથા શાસ્ત્રાધ્યયનમાં ગુંથાવું.

(૨૪૪) જેટલા પોતાની પુદ્ગલિક મોટાઈ ઈચ્છે તેટલા હલકા સંભવે.

(૨૪૫) હે આર્ય! અંતર્મુખ થવાનો અભ્યાસ કરો.

(૨૪૬) સંસારરૂપી કુટુંબને ઘેર આપણો આત્મા પરોણા દાખલ છે.

(૨૪૭) ઇન્દ્રિયોના નિગ્રહપૂર્વક સત્સમાગમ અને સત્શ્રુત ઉપાસનીય છે.

(૨૪૮) ખેદ નહીં કરતાં, શૂરવીરપણું ગ્રહીને જ્ઞાનીને માર્ગે ચાલતાં મોક્ષપાટણ સુલભ જ છે.

(૨૪૯) સદ્દેવગુરુશાસ્ત્રની ભક્તિ અપ્રમત્તપણે ઉપાસનીય છે.

(૨૫૦) નિયમિતપણે નિત્ય સદ્ગ્રંથનું વાંચન તથા મનન રાખવું યોગ્ય છે.

(૨૫૧) જે શ્રુતથી અસંગતા ઉલ્લસે તે શ્રુતનો પરિચય કર્તવ્ય છે.

(૨૫૨) જે વાટેથી આત્મત્વ પ્રાપ્ત થાય તે વાટ શોધો.

(૨૫૩) જ્યાં–ત્યાંથી રાગ–દ્વેષ રહિત થવું એ જ મારો ધર્મ છે.

(૨૫૪) બાહ્ય ભાવે જગતમાં વર્તો અને અંતરંગમાં એકાંત શીતલીભૂત નિર્લેપ રહો.

(૨૫૫) ઉદાસીનતા એ અધ્યાત્મની જનની છે.

( ૨૫૬ ) જેનું હૃદય શુદ્ધ સન્તની બતાવેલી વાટે ચાલે છે, તેને ધન્ય છે.

( ૨૫૭ ) મોક્ષનો માર્ગ બહાર નથી પણ આત્મામાં છે.

( ૨૫૮ ) જેમ બને તેમ આત્માને ઓળખવા ભણી લક્ષ દો.

( ૨૫૯ ) મુમુક્ષુપણું જેમ દૃઢ થાય તેમ કરો.

( ૨૬૦ ) આત્મ ઉપયોગ એ કર્મ મુકવાનો ઉપાય.

( ૨૬૧ ) કોઈ બાંધનાર નથી, પોતાની ભૂલથી બંધાય છે.

( ૨૬૨ ) ગુણીના ગુણમાં અનુરક્ત થાઓ.

( ૨૬૩ ) આત્માને સત્યરંગ ચઢાવે તે સત્સંગ.

( ૨૬૪ ) મોક્ષનો માર્ગ બતાવે તે મૈત્રી.

( ૨૬૫ ) દુર્જનતા કરી ફાવવું–એ જ હારવું, એમ માનવું.

( ૨૬૬ ) આપણે જેનાથી પટંતર પામ્યા તેને સર્વસ્વ અર્પણ કરતાં અટકશો નહીં.

( ૨૬૭ ) હજારો ઉપદેશવચનોનું કથન સાંભળવા કરતાં તેમાંનાં થોડાં વચનો પણ વિચારવા તે વિશેષ કલ્યાણકારી છે.

( ૨૬૮ ) જ્ઞાનીઓએ એકત્ર કરેલા અદ્‌ભુત નિધિના ઉપભોગી થાઓ.

( ૨૬૯ ) રાગ કરવો નહિ, કરવો તો સત્પુરુષ પર કરવો. દ્વેષ કરવો નહિ, કરવો તો કુશીલ પર કરવો.

( ૨૭૦ ) અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્યથી અભેદ એવા આત્માનો એક પળ પણ વિચાર કરો.

( ૨૭૧ ) નિર્ગ્રંથતા ધારણ કરતાં પહેલાં પૂર્ણ વિચાર કરજો. એ લઈને ખામી આણવા કરતાં અલ્પારંભી થજો.

( ૨૭૨ ) આ તો અખંડ સિદ્ધાંત માનજો કે સંયોગ, વિયોગ, સુખ, દુઃખ, ખેદ, આનંદ અણરાગ, અનુરાગ ઇત્યાદિ યોગ કોઈ વ્યવસ્થિત કારણને લઈને રહ્યા છે.

( ૨૭૩ ) સમર્થ પુરુષો કલ્યાણનું સ્વરૂપ પોકારી પોકારીને કહી ગયા, પણ કોઈ વિરલાને જ તે યથાર્થ સમજાયું.

( ૨૭૪ ) અમે બહુ વિચાર કરીને આ મૂળ તત્ત્વ શોધ્યું કે ગુપ્ત ચમત્કાર જ સૃષ્ટિના લક્ષમાં નથી.

( ૨૭૫ ) રે જીવ ! હવે ભોગથી શાંત થા, –શાંત થા. વિચાર તો ખરો કે એમાં કયું સુખ છે ?

# દેડકાની વારતા



(દેડકામાંથી દેવ)

રાજગૃહીનગરી ઘણી જ રળીયામણી. શ્રેણીકરાજા ત્યાં રાજ કરે. તે રાજા જૈનધર્મના મહાન ભક્ત. અઢી હજાર વર્ષ પહેલાંની વાત છે. એ વખતે ભગવાન મહાવીર આ ભરતભૂમિમાં વિચરતા હતા...ને ધર્મનો ઉપદેશ દેતા હતા.

મહાવીરપ્રભુ એકવાર રાજગૃહીનગરીમાં પધાર્યા.

માળીએ આવીને રાજાને સમાચાર આપ્યા કે આપણી નગરીમાં પ્રભુ પધાર્યા છે.

શ્રેણીકરાજા તો એ સાંભળીને ખુશખુશ થઈ ગયા....માળીને ઘણું ઇનામ આપ્યું...ને નગરીમાં ઢંઢેરો પીટાવ્યો કે-મહાવીરપ્રભુ પધાર્યા છે; ચાલો સહુ તેમને વંદન કરવા, તેમનો ઉપદેશ સાંભળવા.

રાજા તો હાથી ઉપર બેસીને ભગવાનને વંદન કરવા ચાલ્યો.

ભોં...ભોં....ભૂંમ ભૂંમ!

પોં...પોં....પૂં....પૂં...

વાજાં વાગ્યા ને ઢોલ ઢમકયા. રાજાની સાથે હજારો નગરજનો દર્શન કરવા ચાલ્યા.

આ બધું જોઈને એક દેડકાનેય મન થયું કે હું પણ ભગવાનના દર્શન કરવા જાઉં. એટલે મોઢામાં એક ફૂલ લઈને એ પણ ઉપડયું ભગવાનના દર્શન કરવા. ભક્તિભાવથી એ તો દોડયું જાય છે-

દેડકું દેડકું દોડયું જાય,<br>
મોઢામાં ફૂલ લઈને જાય;<br>
વીર પ્રભુને પૂજવા જાય,<br>
એને દેખી આનંદ થાય.

ડગ....ડગ....ડબક...!

ટબ....ટબ....ટબક...!

દેડકાભાઈ તો ચાલ્યા જાય છે. એના હૈયામાં આનંદ માતો નથી. પાછળ શ્રેણીકરાજાનો હાથી પણ ચાલ્યો આવે છે.

રાજા હાથી ઉપર બેસીને જાય.....ને દેડકા ભાઈ કૂદતા કૂદતા જાય.....બંનેને ભગવાનના દર્શનની ભાવના છે. બંનેને ભગવાન ઉપર ભક્તિ છે. હોંશે હોંશે દેડકું ઠેકડા મારતું જાય છે.

ટબ ટબ ટબક...!

ડગ ડગ ડબક...!

એને આસપાસનું કાંઇ ભાન નથી; એક જ ધૂન છે કે વીરપ્રભુનાં દર્શન કરું.



એવામાં રાજાના હાથીનો પગ એના ઉપર આવી ગયો. અરર! દેડકા ઉપર હાથીનો પગ!! પછીએ ક્યાંથી બચે? -દેડકું તો મરી ગયું.

દેડકું દેડકું દોડ્યું જાય;

વીર પ્રભુને પૂજવા જાય;

રસ્તામાં એ મરી જાય;

મરીને એ દેવ થાય.

દેડકું તો હાથીના પગ નીચે કચડાઈ ગયું ને મરી ગયું...પરંતુ મરતાં મરતાંય ભગવાનની પૂજા કરવાની ભાવના એણે છોડી નહિ, એટલે એ ભાવનાથી મરીને તે દેવ થયું.

આ બાજુ રાજા શ્રેણિક વૈભાર પર્વત ઉપર મહાવીર ભગવાનના સમવસરણમાં આવી પહોંચ્યાં ને ભગવાનની શોભા દેખીને એને અપાર આનંદ થયો. અહા, ભગવાનની શોભાની શી વાત! ભગવાનની સભામાં ગૌતમ-ગણધર અને હજારો મુનિઓ બેઠા છે; ચંદનાસતી વગેરે છત્રીસહજાર અર્જિકા છે; લાખો શ્રાવક-શ્રાવિકા છે, ને અસંખ્ય દેવ-દેવી છે, સિંહને સસલાં, હાથી ને હરણ, વાંદરાં ને વાઘ, સર્પ ને મોર, -એ બધાય બેઠા છે, ને ભગવાનની વાણી સાંભળે છે.

શ્રેણીકરાજાએ ઘણી ભક્તિથી ભગવાનના દર્શન કર્યા.

ત્યાં તો આકાશમાંથી એક દેવ

ઊતરીને ઘણી ભક્તિથી દર્શન કરવા લાગ્યો. એના મુગટમાં દેડકાનું ચિહ્ન હતું.

એને દેખીને શ્રેણીકને આશ્ચર્ય થયું ને ભગવાનને પૂછયું-હે નાથ ! આ દેવ કોણ છે ?

ત્યારે ભગવાનની વાણીમાં એમ આવ્યું કે-એ તારી રાજગૃહીનગરીના નાગદત્ત શેઠનો જીવ છે; તે શેઠ મરીને દેડકું થયેલ; તેને તેનો પૂર્વભવ યાદ આવ્યો છે, અને તે તારી સાથે મોઢામાં ફૂલ લઈને દર્શન કરવા આવતું હતું. ત્યાં વચ્ચે તારા હાથીના પગ નીચે કચરાઈને મરી ગયું. ને મરીને દેવ થયું. ત્યાં અવધિજ્ઞાનથી તેને ખબર પડી કે ભગવાનના દર્શન-પૂજનની ભાવનાના પ્રતાપે હું 'દેડકામાંથી દેવ' થયો છું, એટલે તે અહીં આવીને તારી સાથે દર્શન-પૂજન કરી રહ્યો છે.

ભગવાનના શ્રીમુખથી આ વાત સાંભળીને એ દેવને ઘણો હર્ષ થયો ને ભગવાનનો ઉપદેશ સાંભળીને તે સમ્યગ્દર્શન પામ્યો.

પ્રિય પાઠક ! આપણે પણ એ દેડકાની જેમ ભગવાનની ભક્તિ-પૂજા કરવી જોઈએ, ને આત્માને ઓળખવો જોઈએ.

વાર્તા પૂરી.

બોલો, મહાવીરભગવાનકી....જય.



# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

## ( સર્વે જિજ્ઞાસુઓનો પ્રિય વિભાગ )

### વાંચકોના અંતરની ઉર્મિ

( ધ્રાંગધ્રાના આગેવાન કાર્યકાર ભાઈશ્રી કેશવલાલ ડી. શાહ ( વકીલ ) પોતાની ઉર્મિ વ્યક્ત કરતાં લખે છે કે–

( ૧ ) શ્રીમદ્ રાજચંદ્રજીની જન્મશતાબ્દિ વખતે આપણું આ અધ્યાત્મપોષક માસીક રજતજયંતીના વર્ષમાં મંગળ પ્રવેશ કરે છે, તે શુભ પ્રસંગે અત્રેના સમગ્ર વાચક અને મુમુક્ષુઓ હાર્દિક અભિનંદન પાઠવે છે.

( ૨ ) 'અનેકાન્તનું ફળ સમ્યક્એકાંત એવા નિજપદની પ્રાપ્તિ ' –હોવાનું અર્થગંભીર સૂત્ર પ્રસિદ્ધ કરનાર તેઓશ્રી પરત્વે, તેમજ આવા અનેક ગૂઢ સિદ્ધાંતોને સામાન્ય જિજ્ઞાસુ સરલતાથી સમજી શકે તેવી અમૃતવાણીનો પ્રવાહ પૂજ્ય ગુરુદેવ પ્રત્યક્ષ વહેવડાવી રહેલ છે તેઓશ્રી પરત્વે, અમો તમામ અત્યંત ભક્તિભાવે સાદર વંદન કરીએ છીએ.

( ૩ ) આ ક્ષણભંગુર દુનિયામાં સત્પુરુષનો સમાગમ થવો તે એક અમૂલ્ય અને અનુપમ લાભ છે; પરંતુ અમારા જેવા દેશ–વિદેશના જિજ્ઞાસુઓ–જે પ્રત્યક્ષ લાભ નથી લઇ શકતા તેમના માટે આપણું આ માસીક બરાબર અવેજી પૂરે છે; આ માસીક મહાન કલ્યાણનું એક બળવાન નિમિત્ત છે. આ માસીક ક્રમશઃ વૃદ્ધિ પામે અને નિયત સમયે સુવર્ણ તથા હીરક જયન્તીઓ પૂજ્યશ્રી ગુરુદેવની છત્રછાયામાં ઉજવવા ભાગ્યશાળી થાય, એવી અંતરની ઉર્મિઓને આ પત્રદ્વારા નમ્રભાવે વાચા આપીએ છીએ.

વકીલ કેશવલાલ ડી. શાહ ( ધ્રાંગધ્રા )

મદાયા ( બરમા ) થી બાલસભ્યો દીનેશ અને મીનાબેન લખે છે કે–અમને અહીં ઋષભદેવ ભગવાનનું જીવનચરિત્ર મળ્યું છે તે વાંચી અમને ઘણો જ આનંદ થાય છે. આવા અનાર્ય દેશમાં અમને આવું શાસ્ત્ર મળ્યું–અહો ! અમારા ભાગ્ય ! તમારો ઘણો ઉપકાર માનીએ છીએ. ગુરુદેવને ભક્તિપૂર્વક નમસ્કાર; બાલવિભાગના બધા સાથીઓને યાદી ( સાથે અનેક પ્રશ્નો લખ્યા છે; તેના જવાબ હવે પછી આપીશું. )

જેતપુરથી મુકેશ જૈન લખે છે–" નવા વર્ષનો નવો અંક હાથમાં લેતાં જ હર્ષ અનુભવ્યો....નવા વર્ષની ઉત્તમ બોણી મળી...પ્રવચનની મીઠી પ્રસાદી પણ મળી. 'સંતોનો સિંહનાદ' ગમ્યો–કે જે આત્માને જગાડે છે. 'રત્નસંગ્રહ' પુસ્તક રત્નસમાન છે. તેમાંના એકેક રત્ન મહાન અને આત્માને રાહ દેખાડનારા છે. બાલવિભાગ શરૂ થયો ત્યારથી અમે ચીવટપૂર્વક અભ્યાસ કરીએ છીએ, ને અમૃતરૂપી વાંચનથી રોમરોમમાં ધન્યતા અનુભવાય છે.

( ભાઈશ્રી, આપના સૂચનો લક્ષમાં લીધા છે.....પ્રશ્નોના જવાબ હવે પછી; પત્રો જરા ટૂંકા લખાય તો અમને વિશેષ અનુકૂળતા રહે. )




# ગતાંકના પ્રશ્નોના જવાબ

( ૧ ) આ ભરતભૂમિમાં જ્યારે શ્રીકૃષ્ણ અને પાંડવો થયા ત્યારે ભગવાન નેમિનાથ તીર્થંકર વિચરતા હતા; નેમિનાથ અને શ્રીકૃષ્ણ બંને પીતરાઈ ભાઈ થાય. શ્રેણીક રાજા અને જંબુસ્વામીના વખતમાં ભગવાન મહાવીર વિચરતા હતા. ભરતચક્રવર્તીના વખતમાં તેમના પિતાજી ભગવાન ૠષભદેવ વિચરતા હતા.

( ૨ ) પોન્નૂરમાં જતાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ યાદ આવે છે; તે તેમની તપોભૂમિ છે. શ્રવણબેલગોલ ( મૈસુર ) માં ભગવાન બાહુબલીની સૌથી મોટી પ્રતિમા ઇન્દ્રગિરિ પર્વત ઉપર છે. સામેની પહાડી ઉપર ભગવાન ભદ્રબાહુસ્વામીની ગૂફા છે. અયોધ્યામાં ભગવાન આદિનાથ, અજિતનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ અને અનંતનાથ તીર્થંકરો, તથા ભરતચક્રવર્તી, બાહુબલી અને રામચંદ્રજી વગેરે જન્મ્યા છે. સમ્મેદશિખરજીની છેલ્લી ટૂંકેથી ભગવાન પારસનાથ મોક્ષ પધાર્યા છે. પાવાપુરીથી ભગવાન મહાવીર મોક્ષ પધાર્યા છે. રાજગૃહીમાં મુનિસુવ્રતનાથ ભગવાનના ચાર કલ્યાણક તેમજ વીરનાથની દિવ્યધ્વનિનો પ્રારંભ થયેલ છે. શ્રેણીક રાજા અને ચેલણા રાણી અહીં થયા છે. ભગવાનનું ભક્ત એક દેડકું તે પણ આ જ નગરીમાં થયું છે ( તેની વાર્તા આ અંકમાં તમે વાંચશો ) શૌરીપુરમાં નેમિનાથ ભગવાન જન્મ્યા, તથા ચાર મુનિવરો ( ધન્ય મુનિ વગેરે ) અહીં અંતકૃત કેવળી થયા છે. શત્રુંજય તો સોનગઢમાં ઊભાઊભા રોજ દેખાય છે ત્યાંથી ત્રણ પાંડવભગવંતો મોક્ષ પામ્યા છે. હસ્તિનાપુરમાં શાંતિનાથ–કુંથુનાથ–અરનાથ ત્રણ તીર્થંકરો ( ચક્રવર્તી ) થયા. ૠષભદેવનું વર્ષીતપનું પારણું શ્રેયાંસકુમારે આ નગરીમાં જ કરાવ્યું.

ભરતચક્રવર્તી, રામચંદ્રજી, ૠષભદેવ, બાહુબલી, અનંતનાથ, અજિતનાથ, અભિનંદન ભગવાન ને સુમતિનાથ એ બધાય અયોધ્યામાં થયા છે.

કોયડાનો જવાબઃ– ચાર અક્ષરનું નામ છે, જગજાહેર ભગવાન છે,

એ વીર પ્રભુનું બીજું નામ **'અતિવીર'** ભગવાન છે.

આ વખતે નવા પ્રશ્નો પૂછયા નથી; પરંતુ પૂંઠા ઉપર છેલ્લા પાને ચાર ચિત્રો છાપ્યા છે તે કયાંના હશે ? એ તમારે ઓળખી કાઢવાનું છે. ન ઓળખી શકો તો આવતા અંકમાંથી ઓળખી લેજો. નવા સભ્યોના નામ, અને નવા પ્રશ્નો આગામી અંકે આપીશું.

## પ્રશ્નોના જવાબ લખનાર સભ્યોના નંબર

૨૧૫, ૩૯૬, ૮૮૨, ૮૮૩, ૮૮૪, ૮૮૫, ૩૧૮, ૧૬૯૪ થી ૧૬૯૮, ૪૧૧, ૬૬૬, ૬૬૭ ૩૯૨, ૮૧૨, ૨૧૮, ૧, ૨, ૩, ૪, ૩૮૪, ૪૩૧, ૪૩૨, ૩૭૨, ૩૭૩, ૯૮૪, ૯૨૭, ૬૨૪, ૧૭૫૪, ૧૩૫૧, ૧૯૯૫, ૧૯૯૬, ૧૯૯૭, ૧૧૫, ૩૩૩, ૩૩૪, ૩૩૫, ૩૩૬, ૫૬૬, ૫૫૦, ૧૧૭, ૮૦

## ગતાંકમાં પૂછેલી પાંચ વસ્તુની પૂર્ણતા

( ૩૧ ) ( પાંચ સમિતિ ) ઈર્યાસમિતિ, ભાષા, એષણા, આદાનનિક્ષેપણ, પ્રતિષ્ઠાપનસમિતિ

( ૩૨ ) ( પાંચ પરાવર્તન ) દ્રવ્યપરાવર્તન, ક્ષેત્રપરાવર્તન, કાળપરાવર્તન, ભાવપરાવર્તન, ભવપરાવર્તન

( ૩૩ ) પાંચ હેયતત્ત્વો; ( છોડવા જેવા ) અજીવ, પુણ્ય, આસ્ત્ર, બંધ, પાપ.

( ૩૪ ) ( પાંચ ટૂંક ગીરનારની ) ૧–જિનમંદિર અને રાજુલાની ગૂફા, ૨– અનિરૂદ્ધટૂંક, ૩–શંબુકુમારની ટૂંક, ૪–પ્રદ્યુમ્નની ટૂંક, ૫–નેમિનાથ ભગવાનની મોક્ષટૂંક

( ૩૫ ) ( પાંચ અક્ષર પરમેષ્ઠીના ) अ...सि...आ...उ...सा

( ૩૬ ) ( પાંચ પરમેષ્ઠીના પ્રથમ અક્ષર ૐમાં ) अ...अ...आ...उ...म्

( ૩૭ ) ( પાંચ લઘુસ્વર; અયોગીગુણસ્થાનના કાળનું માપ ) अ इ उ ऋ, ऌ

( ૩૮ ) ( પાંચ શરીર ) ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ, કાર્મણશરીર

( ૩૯ ) ( પાંચ સ્થાવર ) પૃથ્વીકાયિક, અપકાયિક, અગ્નિકાયિક, વાયુકાયિક, વનસ્પતિકાયિક

( ૪૦ ) ( પાંચ ત્રસ ) બેઈન્દ્રિય, ત્રિ–ઈન્દ્રિય, ચૌઈન્દ્રિય, પંચેન્દ્રિય–અસંજ્ઞી, પંચેન્દ્રિય–સંજ્ઞી

નં. ( ૩૪ ) માં જણાવેલ શંબુ અને પ્રદ્યુમ્ન એ શ્રીકૃષ્ણના પુત્રો હતા, તથા અનિરૂદ્ધ એ પ્રદ્યુમ્નના પુત્ર હતા. તે ત્રણે ગીરનાર ઉપરથી મોક્ષ પામ્યા છે, ત્રણ ટૂંકો ઉપર તેમની ચરણપાદૂકા છે. પાંચમીટૂંક ( જેને હિન્દુ લોકો ગુરુદત્તાત્રયની ટૂંક તરીકે ઓળખે છે ) તે ખરેખર નેમિનાથભગવાનના મોક્ષની ટૂંક છે. ને ત્યાં જે પગલાં છે તે નેમિનાથપ્રભુના છે. તેની બાજુમાં ( જરાક નીચે ) પર્વતના મૂળ પત્થરમાં શ્રી નેમિનાથપ્રભુની મૂર્તિ કોતરેલી છે. સહેસ્રાવન ( સહસ્રઆમ્રવન ) માં ભગવાનની દીક્ષા તથા કેવળજ્ઞાનની ઉત્પત્તિ થયેલ છે–તે પણ ખાસ પૂજ્ય સ્થાન છે. ત્યાંનું વાતાવરણ ઘણું જ ઉપશાંત વૈરાગ્યમય છે. ગૌમુખીગંગાના ગોખલામાં ૨૪ તીર્થંકરોનાં પગલાં સ્થાપેલા છે.

રાજુલગૂફાથી થોડે દૂર ચંદ્રગૂફા ( જેમાં ધરસેન ગુરુ રહેતા તે ) છે–અત્યારે તે ગૂફાને ગોરજીની ગૂફા ( એટલે કે ગુરુજીની ગૂફા ) તરીકે ત્યાંના માણસો ઓળખે છે.

## ભગવાનનાં દર્શન

( ૧ ) શ્રી ભગવાનનાં દર્શન આપણે એટલા માટે કરીએ છીએ કે, આપણે પણ ભગવાન જેવા થવું છે.

( ૨ ) આપણા આત્મામાં પણ ભગવાન થવાની શક્તિ છે. જેવો ભગવાનના આત્માનો સ્વભાવ છે તેવો જ આપણા આત્માનો સ્વભાવ છે.

( ૩ ) આ ભગવાનને પૂરેપૂરું જ્ઞાન છે તેમ આપણામાં પણ પૂરેપૂરો જ્ઞાનસ્વભાવ છે.

( ૪ ) આ ભગવાનને જરાય રાગદ્વેષ નથી, તેમ આપણા આત્મસ્વભાવમાં પણ જરાય રાગ–દ્વેષ નથી.

( ૫ ) ભગવાન જેવો પોતાનો આત્મા છે–એવો વિશ્વાસ કરવો તેનું નામ સમ્યગ્દર્શન છે.

| ## વિહારનો કાર્યક્રમ | ## વૈરાગ્ય સમાચાર |
|---|---|
| (ફાગણ સુદ બીજે સોનગઢ-જિનમંદિરની વર્ષગાંઠ ઉજવીને બીજે દિવસે પૂ. ગુરુદેવ મંગલ પ્રસ્થાન કરશે. હાલનો કાર્યક્રમ નીચે મુજબ છે.)<br>લાઠી. ફા. સુ. ૩ શનિવાર તા. ૨-૩-૬૮<br>રાજકોટ ફા. સુ. ૪ થી ફા. વ. ૧ તા. ૩ થી ૧૫<br>વડાલ ફા. વ. ૨ તા. ૧૬ (અહીંથી ગુરુદેવ ગીરનારની તળેટી દર્શનાર્થે પધારશે.)<br>પોરબંદર ફા. વ. ૩ થી ફા. વ. ૧૧ તા. ૧૭ થી ૨૪<br>જેતપુર ફા. વ. ૧૨ થી ફા. વ. ૦)) તા. ૨૫ થી ૨૮<br>ગોંડલ ચૈ. સુ. ૧ થી ચૈ. સુ. ૪ તા. ૨૯ થી ૧<br>વડિયા ચૈ. સુ. ૪ (બીજી) થી ચૈ. સુ. ૭ તા. ૨ થી ૫ એપ્રીલ<br>મોરબી ચૈ. સુ. ૮ થી ચૈ. સુ. ૧૧ તા. ૬ થી ૯<br>વાંકાનેર ચૈ. સુ. ૧૨ થી ચૈ. સુ. ૧૫ તા. ૧૦ થી ૧૩<br>ચોટીલા ચૈ. વ. ૨ (વદ ૧ નથી) તા. ૧૪<br>સુરેન્દ્રનગર ચૈ. વ. ૩ થી ચૈ. વ. ૬ તા. ૧૫ થી ૧૮<br>વઢવાણ ચૈ વ. ૭ થી ચૈ. વ. ૧૦ તા. ૧૯ થી ૨૨<br>જોરાવરનગર ચૈ. વ. ૧૧ થી ચૈ. વ. ૧૩<br>તા. ૨૩ થી ૨૫<br>વિંછીયા ચૈ. વ ૧૪ થી વૈ. સુ. ૬ તા. ૨૬-૪ થી ૩-૫ ગુરુદેવની ૭૯ મી જન્મજયંતી વિંછીયા ઉજવાશે.<br>ઉમરાળા વૈ. સુ. ૭-૮ તા. ૪-૫<br>લીંબડી વૈ. સુ. ૯ થી વૈ. સુ. ૧૪ તા. ૬ થી ૧૧<br>સોનગઢ-પ્રવેશ વૈ. સુ. ૧૫ રવિવાર તા. ૧૨-૫-૬૮ (વૈ. વ. ૧, તા. ૧૩-૫-૬૮ સોમવારથી સોનગઢમાં વિદ્યાર્થીઓના શિક્ષણવર્ગનો પ્રારંભ થશે.) | |

## પુરુષાર્થની સફળતા

કેટલાક જીવો કહે છે કે અમે સમ્યગ્દર્શન માટે પુરુષાર્થ તો કરીએ છીએ પણ સમ્યગ્દર્શન થતું નથી.–નહિ, એની વાત જૂઠી છે. સમ્યગ્દર્શનનો સાચો પુરુષાર્થ એણે કર્યો જ નથી. સમ્યગ્દર્શન માટેનો જેવો પુરુષાર્થ છે તેવો કરે અને સમ્યગ્દર્શન ન થાય એમ બને નહિ. જેવો પુરુષાર્થ કરે તેવું કાર્ય થાય જ. પણ પુરુષાર્થ તો કરે રાગનો, ને માને એમ કે હું સમ્યગ્દર્શનનો પુરુષાર્થ કરું છું. –તો એ તો એની ભૂલ છે, સમ્યગ્દર્શનનો પુરુષાર્થ રાગથી ભિન્ન કેવો હોય એની એને ખબર નથી. સમ્યગ્દર્શનના વિષયરૂપ–ધ્યેયરૂપ શુદ્ધઆત્માને યથાર્થપણે જ્ઞાનમાં લક્ષગત કરીને તેનો પુરુષાર્થ કરતાં સમ્યગ્દર્શન જરૂર થાય છે.

(આવા સેંકડો આત્માર્થપ્રેરક ઉત્તમ ન્યાયો દ્વારા આત્મવૈભવની પ્રાપ્તિનો સત્યપુરુષાર્થ સમજવા માટે તાજેતરમાં પ્રગટ થનાર ('આત્મવૈભવ' પુસ્તક અવશ્ય વાંચો. પૃ. ૪૮૦, ઉત્તમપુસ્તકઃ મૂલ્ય સાડા ત્રણ રૂપિયા)



'આત્મધર્મ' ના વાંચનમાં મશગુલ
શેઠશ્રી પ્રેમચંદભાઈ.

જેમણે ક્ષણમાત્રમાં દેહ છોડી દીધો



સીમંધરનાથને વંદના



જરા થાક ખાઈએ.......



પવિત્ર પગલાં



ગુરુદેવ સાથે યાત્રા કરતાં આનંદનો નહીં પાર જી!

**પૂ. ગુરુદેવ સાથેની તીર્થયાત્રાપ્રસંગનાં આ ચાર દ્રશ્યો કેવા મજાના છે? તે દ્રશ્યો ક્યાંના છે તે તમારે ઓળખી કાઢવાનું છે.**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ (પ્રતઃ ૨૫૦૦)